# વીવેક પંથી

# (VIVEK PANTHI)

Vol. 1, Issue - 2, Mumbai, January 2015, Pages : 28, Price : Rs. 20/-

રેશનલ સમાજના નીર્માણને વરેલું માસીક : સ્થાપક : ગુલાબ ભેડા, તંત્રી : હર્શા બાડકર

**તંત્રીની કલમે**

## વીજ્ઞાન : સાર્વત્રીક કે ભારતીય ?

**તા**જેતરમાં મુંબઇમાં ૧૦૨મી ‘ઇન્ડીયન સાયન્સ કૉંગ્રેસ’ યોજવામાં આવી, જેમાં 'Ancient Indian Aviation Technology' ઉપર એક ભાશણ યોજવામાં આવ્યું હતું. આ ભાશણની વીરુદ્ધમાં ‘નાસા’ના એમ્સ રીસર્ચ સેન્ટરમાં કામ કરતા એક ભારતીય વૈજ્ઞાનીક ડૉ. રામપ્રસાદ ગાંધીરમને ઓનલાઇન પીટીશન દાખલ કરી હતી અને એમ સમજાવવાની કોશીશ કરી હતી કે એક વીજ્ઞાનીક કૉંગ્રેસમાં આવી જાતનું ભાશણ રાખવું એ વીજ્ઞાનની Integrity ઉપર પ્રહાર કર્યો ગણાય. આ ભાશણને તેઓ વૈદીક પુરાણોને વૈજ્ઞાનીક કૉંગ્રેસમાં ઘુસાડવાનું એક કાવતરું ગણે છે. આ ભાશણ કૅપ્ટન આનંદ બોડાસ અને અમેય જાધવે મળીને આપ્યું અને એવો દાવો કર્યો કે પુરાણકાળમાં એવાં વીમાનો હતાં, જેના ઉપયોગ થકી લોકો એક દેશથી બીજા દેશમાં જ નહીં, પરંતુ એક ગ્રહથી બીજા ગ્રહમાં પહોંચી શકતાં. આજનાં વીમાનો ફક્ત આગળની બાજુ જ જઇ શકે છે, જ્યારે પૌરાણીક વીમાન ડાબી–જમણી તથા પાછળની તરફ સુદ્ધાં જઇ શકતાં હતાં અને માટે આજનાં વીમાનો કરતાં પણ ચડીયાતાં હતાં. (શાબાશ !!!)

ડૉ. ગાંધીરમનના વીરોધ છતાં આ ભાશણ રોકી ન શકાયું અને ફરી એક વખત પુરવાર થયું કે રાજકીય પરીસ્થીતીની અસરથી વીજ્ઞાન જેવો તટસ્થ વીશય પણ બચી નથી શકતો. આવું ભાશણ જો કોઇ સંસ્કૃત સાહીત્યની સભામાં યોજવામાં આવ્યું હોત તો તેમાં કોઇ વાંધો નહોતો. પરંતુ પ્રતીશ્ઠીત વૈજ્ઞાનીકોની સભામાં આવી રાજકીય રમત ભારતના વૈજ્ઞાનીક વાતાવરણને નુકસાન પહોંચાડનારી ગણાય. વીજ્ઞાન અને વૈજ્ઞાનીક અભીગમ સાર્વત્રીક એટલે કે સમગ્ર માનવજાતને માટે સમાન હોવા જરુરી છે. બાકી ભારત સૌથી મહાન દેશ છે અને વીજ્ઞાનમાં અત્યારે જે કંઇ પ્રગતી થઇ રહી છે તે તો ભારતમાં સદીઓ પહેલાં થઇ ગયેલી છે એવા મીથ્યાભીમાનમાં રાચવું તેના કરતાં વધારે અવૈજ્ઞાનીક વલણ બીજું કયું હોઇ શકે ?

ખરેખર જો ભારતમાં પુરાણકાળમાં વીમાનો હતાં તો એ ક્યાં જતાં રહ્યાં ? જો તે કોઇ કારણસર નશ્ટ થઇ ગયાં હતાં તો તેના અવશેશો કેમ હજી સુધી ક્યાંયથી નથી મળ્યા ? કયા પુરાવાને આધારે આવા દાવાઓ કરાય છે એ જાણવાની તસ્દી લીધા વગર આવા ‘કહેવાતા’ વૈજ્ઞાનીક ભાશણોને ઉચ્ચ સ્તરીય વૈજ્ઞાનીક કૉંગ્રેસમાં સ્થાન આપવું એ યોગ્ય ન જ કહેવાય. ભારતમાં પ્રાચીનકાળમાં આર્યભટ્ટ જેવા વૈજ્ઞાનીકોનો જગતભરની વૈજ્ઞાનીક પ્રગતીમાં અમુલ્ય ફાળો છે અને આધુનીક કાળમાં સુદ્ધાં સી. વી. રામન જેવા અનેક વૈજ્ઞાનીકોએ ઉચ્ચ સીદ્ધીઓ સર કરી છે, પરંતુ આનો અર્થ એવો ન કાઢી શકાય કે ભારત પુરાણકાળથી જ વૈજ્ઞાનીક ઢબે આગળ વધી રહ્યું છે. હકીકતમાં ભારતમાં વૈજ્ઞાનીક અભીગમનો હંમેશાંથી જ અભાવ રહેલો છે, જેને કારણે આર્થીક તથા સામાજીક અસમાનતા અને શોશણ ભારતીય સમાજના અવીભાજ્ય અંગ સમા બની રહ્યા છે. આપણા દેશની સાચી પ્રગતી માટે આપણા લોકો ઉર્ધ્વગામી હોવા જરુરી ગણાય અને માટે જ આપણે ભુતકાળમાં રાચવા કરતાં ભવીશ્ય તરફ દ્રશ્ટી રાખીને આગળ વધવાના પ્રયત્નો કરવા જોઇએ.

# આધુનીક યુગમાં વીજ્ઞાન સામેના પ્રચંડ પડકારો

**– ધવલ મહેતા**

**આ**ધુનીક યુગમાં વીજ્ઞાન અને વૈજ્ઞાનીક દૃશ્ટીબીન્દુ સામેનાં તીવ્ર આંદોલનો રેશનાલીસ્ટ જીવનપદ્ધતીને પડકારી રહ્યા છે. આમાં ઝનુની રાશ્ટ્રવાદીઓ અને અનુઆધુનીક વીચારકોનો મુખ્ય ફાળો છે. ૧૬મી સદીમાં પશ્ચીમી જગતમાં વૈજ્ઞાનીક પદ્ધતીનો પાયો કોપરનીક્સ, કૅપ્લર તથા ગેલીલીયોએ નાખ્યો. તે માટે તેમણે વસ્તુલક્ષી નીરીક્ષણોનો આશરો લીધો, અને વૈજ્ઞાનીક સીદ્ધાન્તો સ્થાપ્યા. આ વીજ્ઞાનીઓએ વીકસતા વીજ્ઞાનનો ખ્રીસ્તી ધર્મની નાગચુડમાંથી છોડાવ્યું. પરંતુ તેથી કંઇ 'વીજ્ઞાન એટલે પશ્ચીમી વીજ્ઞાન' એમ કહી ના શકાય. આધુનીક વીજ્ઞાન અને તેની પદ્ધતી પશ્ચીમ જગતની નહીં, પરંતુ સમસ્ત માનવજાતની માનસીક ધરોહર છે. વીજ્ઞાનના સીદ્ધાન્તો સાર્વત્રીક (યુનીવર્સલ) છે અને વીજ્ઞાનની ઉત્પત્તીઓ વીકાસ અને માનવજાતની ઉત્ક્રાંતીનો ભાગ છે. આ બાબત સમજવા ઝનુની રાશ્ટ્રવાદીઓ સંમત નથી તેથી તેઓ વેદીક સાયન્સ અને ઇસ્લામીક સાયન્સની ભાત (પેટર્ન) ઉપસાવવા પ્રયત્નશીલ છે. વીજ્ઞાનને ધર્મની નાગચુડમાંથી બહાર કાઢવા આ રાશ્ટ્રવાદીઓ તૈયાર નથી. તેઓ આત્મજ્ઞાન કે અધ્યાત્મ દ્વારા વીજ્ઞાનને પામવા માગે છે. વીજ્ઞાન આધ્યાત્મીક સત્યને નહીં, પરંતુ વસ્તુલક્ષી (ઑબ્જેક્ટીવ) સત્યને શોધવા પ્રયત્નશીલ છે તેથી તે આત્મજ્ઞાન દ્વારા પ્રાપ્ત થતા જ્ઞાનને 'સબ્જેક્ટીવ' અથવા આત્મકેન્દ્રી ગણે છે અને તે જ્ઞાનને વૈજ્ઞાનીક ચકાસણીની બહાર ગણે છે. આ બાબતનો સ્વીકાર કરવા અધ્યાત્મવાદીઓ તૈયાર નથી. આ સંદર્ભમાં વીનોબા ભાવે તેમના 'વીજ્ઞાન છે પગ, આત્માજ્ઞાન છે આંખ' એ શીર્શક હેઠળ 'ભુમીપુત્ર'ના ૧-૮-૨૦૦૧ના અંકમાં તેમના પુનર્પ્રકાશીત લેખમાં જણાવે છે, 'ધર્મ-સાહીત્યનું મેં જેટલું અધ્યયન કર્યું છે, તે પરથી હું એમ સમજ્યો છું કે માનવસમાજનો હજી સુધી આત્મજ્ઞાનનો માત્ર થોડોક જ અંશ પ્રાપ્ત થયો છે. એટલે આત્મજ્ઞાનનો હજી તો ઘણો વીસ્તાર થવો જોઇએ. પરીપુર્ણતાનું ધ્યેય જ તેની સામે હંમેશાં રહેવું જોઇએ. મેં તો ત્યાં સુધી કહ્યું છે કે આપણે વ્યક્તીગત સમાધીથી સંતોશ માની લેવો ના જોઇએ. સમાધી પણ સામુહીક જોઇએ. રામકૃશ્ણ પરમહંસને જ્યાં પહેલી સમાધી લાગી હતી, તે સ્થાન પર હું ગયો હતો, ત્યાં મેં કહ્યું હતું કે જે સમાધી રામકૃશ્ણને વ્યક્તીગત રીતે સધાઇ હતી, તે સમાધી આખા સમાજમાં ફેલાય એવી આપણી કોશીશ છે. વ્યક્તીનું જીવન એક પ્રયોગશાળા છે. પ્રયોગશાળામાં સીદ્ધ થયેલ સીદ્ધાન્ત પછી સમાજમાં લાગુ પાડવાના હોય છે, તેથી જ કહું છું કે વ્યક્તીગત સાધના બાદ જે સમાધી રામકૃશ્ણ પરમહંસને સધાઇ તે હવે આખા સમાજને સધાવી જોઇએ.'' વીનોબા જણાવે છે કે તે વીજ્ઞાનને ચાહે છે, પરંતુ તેમને વ્યક્તીના જીવનની પ્રયોગશાળામાં વધુ રસ છે અને સાથે સાથે વૈજ્ઞાનીક પ્રયોગશાળામાં પણ રસ છે.

અધ્યાત્મવાદી ચીંતકોની બે મુખ્ય સમસ્યાઓ એ છે કે (૧) તેઓ આત્મજ્ઞાનને વૈજ્ઞાનીક ચકાસણીથી પર માને છે. (૨) ધર્મ અને આધ્યાત્મીકતા વચ્ચે ફેર કર્યા વગર તે એમ માને છે કે આત્મચીંતન તે જ્ઞાનપ્રાપ્તીનો એકમાત્ર માર્ગ છે. તેઓ એમ માને છે કે આધ્યાત્મીકતાથી સમાજમાં નૈતીક જીવન પ્રસરે છે. સમાજમાંથી પાપો ઓછાં થાય છે. જગતના તમામ આધ્યાત્મીક કે ધાર્મીક લોકો રેશનાલીસ્ટ એથીક્સને બદલે રીલીજીયસ એથીક્સમાં શ્રદ્ધા ધરાવે છે અને ધર્મ કે આધ્યાત્મીકતાના આધાર વીના નૈતીક જીવન કે નૈતીક સમાજની કલ્પના જ કરી શકતા નથી. આ જગતમાં જે કંઇ નૈતીકતા અસ્તીત્વમાં છે તેનું કારણ ઇશ્વરમાં કે ધાર્મીક શ્રદ્ધા છે તેવું તેઓ દૃઢપણે માને છે. રેશનાલીસ્ટ નૈતીકતાની તેમને સમજ જ નથી. તે વસ્તુલક્ષી સત્ય ઉભું કરે છે. નૈતીક સમાજ ઉભો કરવાનું કામ જે તે સમાજના અર્થકારણ, રાજકારણ તથા ન્યાયપ્રથા વગેરેનું છે. આમાં આત્મજ્ઞાન કે પ્રભુભક્તી અગત્યનાં નથી. સામાજીક જીવનમાં લોકોની પરસ્પર સમજુતી અને સહકારથી ઉભી થયેલી સામાજીક ઉત્ક્રાંતી અગત્યની છે. વળી,

**જગતના તમામ આધ્યાત્મીક કે ધાર્મીક લોકો રેશનાલીસ્ટ એથીક્સને બદલે રીલીજીયસ એથીક્સમાં શ્રદ્ધા ધરાવે છે અને ધર્મ કે આધ્યાત્મીકતાના આધાર વીના નૈતીક જીવન કે નૈતીક સમાજની કલ્પના જ કરી શકતા**

આધ્યાત્મીકતા અને ધર્મ એક જ સીક્કાની બે બાજુ છે. બન્ને આધીભૌતીક શક્તીમાં વીશ્વાસ ધરાવે છે. વીજ્ઞાન જેની ચકાસણી શક્ય નથી તેવા આત્મજ્ઞાનની બાબતમાં દખલ કરતું નથી, પરંતુ જે વ્યક્તીઓ આવા દાવા કરે તેને વસ્તુલક્ષી (ઑબ્જેક્ટીવ) પદ્ધતીથી જરુર ચકાસી શકે છે. અધ્યાત્મશક્તીથી પ્રાપ્ત કરેલા બધા જ 'સુપરનેચરલ' શક્તીના દાવાઓ ખોટા સાબીત થયા છે. કોઇ પ્રકારની 'પરલોકવીદ્યા' સાબીત થઇ નથી.

**વેદીક વીજ્ઞાન અને મુળ વીજ્ઞાન**

આજના નવહીન્દુવાદીઓ એમ માને છે કે અત્યારની તમામ વૈજ્ઞાનીક શોધોનાં મુળ વેદીક વીજ્ઞાનમાં રહેલાં છે અને વેદો-ઉપનીશદોની ગુઢ ભાશા ઉકેલો તો તમને જડી આવશે. તેઓ એમ માને છે કે અત્યારના તમામ વીજ્ઞાનોની મુળ જનની હીન્દુ ધર્મ જ છે. આથી હીન્દુ ધર્મને આપણી શાળાઓ, વીદ્યાલયો, ટેકનીકલ સંસ્થાઓમાં ઉંડાણથી ભણાવવો જોઇએ. તેઓના મત અનુસાર આધુનીક વીજ્ઞાનને આપણી શૈક્ષણીક સંસ્થાઓમાં ભણાવવું તે આપણા વસાહતવાદી (કૉલોનીયલ) માનસની ચાડી ખાય છે. તેમને મતે પશ્ચીમી વીજ્ઞાને પુર્વને પછાત અને ઇરેશનલ માન્યું છે અને પોતે વીકસાવેલા વીજ્ઞાનને વસ્તુલક્ષી તથા રેશનલ મનાવવાનો પ્રયત્ન પોતાના વસાહતી હીતો (કૉલોનીયલ ઇન્ટરેસ્ટસ)ની જાળવણી કરવા કર્યો છે. આશીશ નાંદી, પાર્થ ચેટરજી, ગાયત્રી સ્પીવાક, દીપેશ ચક્રવર્તી જેવા વીચારકો 'અમે પણ તમારાથી કંઇ કમ નથી' એવી ઝનુની રાશ્ટ્રવાદી વીચારધારાથી પ્રેરાઇને પશ્ચીમના વીજ્ઞાનનો વીરોધ કરતાં જણાવે છે કે ભારતે વસાહતવાદી ચીંતનની ભાતમાંથી બહાર નીકળીને ભારતીય પરંપરાઓ અને ભારતીય જ્ઞાનપ્રાપ્તીની પદ્ધતીઓ પર ધ્યાન કેન્દ્રીત કરવું જોઇએ. અહીં એ નોંધવું જરુરી છે કે ભારતે પણ સદીઓ પહેલાં ભાસ્કરાચાર્ય અને આર્યભટ્ટ જેવા મહાન વીજ્ઞાનીઓ પેદા કર્યા હતા, પરંતુ તેમણે આ સીદ્ધીઓ આત્મજ્ઞાન દ્વારા નહીં, પરંતુ વસ્તુલક્ષી, વાસ્તવીકતાના જ્ઞાન દ્વારા પ્રાપ્ત કરી હતી, બીજુંકે ભારતમાં અમુક અમુક સમયે ધર્મની ચુંગાલમાંથી છુટેલા તેજસ્વી વીજ્ઞાનીઓ પેદા થયા હતા, પરંતુ કમભાગ્યે ભારતમાં દીર્ઘજીવી વૈજ્ઞાનીક પરંપરાની સ્થાપના થઇ શકી નહોતી. વીજ્ઞાનના વીકાસ માટે ટકાઉ, ધર્મનીરપેક્ષ વૈજ્ઞાનીક પરંપરાની જરુર છે જે પશ્ચીમ વીકસાવી શક્યું. આ રાશ્ટ્રવાદી ચીંતકોની મુખ્ય સમસ્યા એ છે કે તેઓ વીજ્ઞાનની પશ્ચીમનું લેબલ લગાડે છે અને વીજ્ઞાનને સમસ્ત માનવજીવનની સીદ્ધી તરીકે ગણવા તૈયાર નથી. વળી, તેઓ વીજ્ઞાન અને ટેક્નૉલૉજી વચ્ચે ભેદ પાડવા તૈયાર નથી. પશ્ચીમે વીજ્ઞાને ઉભી કરેલી ટેક્નૉલૉજીનો ઉપયોગ પોતાના વસાહતી હીતો સાધવા જરુર કર્યો, પરંતુ ટેકનૉલૉજી એ કોઇ વીજ્ઞાન નથી. વીજ્ઞાન તો પ્રકૃતીના વસ્તુલક્ષી (ઑબ્જેક્ટીવ) નીયમો શોધવામાં જ વ્યસ્ત છે. તેના દ્વારા શોધાયેલી ટેકનૉલૉજીનો ઉપયોગ લોકકલ્યાણ માટે કેવી રીતે કરવો તે માનવસહજની રાજકીય કે સામાજીક વ્યવસ્થાઓ અને તેનાં લક્ષ્યો પર આધારીત છે. ભારતની સામાજીક પરંપરાઓએ જગતનો સૌથી ભયાનક જ્ઞાતીજન્ય અસમાનતાવાળો તથા અજ્ઞાની સમાજ ઉભો કર્યો છે. ભારતના આત્મજ્ઞાની સાધુસંતોએ ભક્તીયુગની એ સમયમાં સ્થાપના કરી, જ્યારે તે દરમીયાન (ઇ.સ. ૧૫૦૦થી ઇ.સ. ૧૭૦૦) પશ્ચીમજગતમાં વીજ્ઞાનનો પાયો નંખાઇ રહ્યો હતો. આપણા સાધુસંતોએ કોઇ સામાજીક આંદોલન ઉભું કર્યું નથી અને વીનોબાના શબ્દોમાં રામકૃશ્ણ પરમહંસની વ્યક્તીગત સમાધીમાંથી સમાજવ્યાપી સમાધી સીદ્ધ થાય તો પણ સામાજીક અસમાનતામાં કોઇ ફેર પડવાનો સંભવ નથી. ભારતીય સાધુસંતોએ 'ઇશ્વર આગળ બધા સમાન છે' તેની વાત વારંવાર કરી પણ સમાજમાં દરેક સમાન હોય તે માટે કોઇ ક્રાંતીકારી જ્ઞાતીવીરોધ આંદોલનની હીમાયત કરી નથી ! પશ્ચીમ સમાજે રાજ્ય અને ધર્મ જુદાં પાડવા જબરદસ્ત આંદોલનો કર્યાં છે અને વીજ્ઞાન તેનું એક પરીણામસ્વરુપનું ફળ છે. વીજ્ઞાને તેના બદલામાં ધર્મના પાયા તોડી નાખ્યા અને સમાજને સેક્યુલર થવામાં મદદ કરી. ભારતમાં આવું કશું થયું નહીં.

**આ રાશ્ટ્રવાદી ચીંતકોની મુખ્ય સમસ્યા એ છે કે તેઓ વીજ્ઞાનની પશ્ચીમનું લેબલ લગાડે છે અને વીજ્ઞાનને સમસ્ત માનવજીવનની સીદ્ધી તરીકે ગણવા તૈયાર નથી**

**વીજ્ઞાન શું કરે છે ?**

વીજ્ઞાનની શોધોનું આ મુજબ વર્ગીકરણ કરી શકાય : (૧) **નવા સીદ્ધાન્તો આપવા :** ગુરુત્વાકર્શણ, થર્મોડાયનેમીક્સ, સાપેક્ષવાદ વગેરે સાર્વત્રીક સીદ્ધાન્તો વીજ્ઞાને આપ્યા છે. (૨) **નવાં તત્ત્વો કે પદાર્થ આપવાં :** રેડીયમ, પેનીસીલીન વગેરે વીજ્ઞાને સર્જી આપ્યાં છે. (૩) નવી ટેકનીક આપવી : પદાર્થની ઉંમર જાણવા માટેની રેડીયો કાર્બન ડેટીંગ પદ્ધતી, પોલીમર, ચેઇન રીએક્શન વગેરે ટેકનીક વીજ્ઞાને શરુ કરી છે. (૪) નવા માળખાની શોધ : ડી.એન.એ., મોલેક્યુલર બાયોલૉજી વગેરે

માળખાં વીજ્ઞાને શોધ્યાં છે. (૫) નવા વીચારો આપવા : ઑસ્મોટીક પ્રેશર, પૃથ્વીનું ભ્રમણ, બ્રહ્માંડ અને બ્લૅક હોલનો ખ્યાલ વગેરે વીજ્ઞાનની દેન છે. (૬) નવાં સાધનો : એક્સ-રે, માઇક્રોસ્કોપ, ટેલીસ્કોપ, ટેલીફોન વગેરે વીજ્ઞાને આપ્યાં છે. (૭) નવી ફીનોમીનૉલૉજી : પોઝીટ્રોન તથા ઇલેક્ટ્રોનની જોડીમાંથી ગેમા કીરણોનું નીર્માણ થાય છે.

**હીન્દુવાદીઓ અને વૈકલ્પીક વીજ્ઞાન**

હીન્દુવાદીઓના મતે આજનું પશ્ચીમની વીજ્ઞાન પ્રકૃતી અને માનવ, ચેતન અને જડ (માઇન્ડ ઍન્ડ મેટર), આત્મા અને શરીર, વસ્તુલક્ષી અને આત્મલક્ષી વગેરે દ્વૈતવાદી ચીંતનનું પરીણામ છે. વેદો અને ઉપનીશદો અદ્વૈતના સીદ્ધાન્તમાં માને છે. તે આંતરીક અને બાહ્ય, પ્રકૃતી અને પુરુશ તથા આત્મન અને બ્રહ્મન વચ્ચે ભેદ પાડતું નથી. તેઓના મતે વેદો અને ઉપનીશદોનો ભવ્ય અદ્વૈતવાદી (મોનીઝમ) સીદ્ધાન્ત જ વૈકલ્પીક વીજ્ઞાનનો પાયો બની શકે. પશ્ચીમી વીજ્ઞાન જડ અને ચેતનમાં ભેદ પાડે છે. ચીજવસ્તુઓને છુટી છુટી પાડીને પૃથક્કરણ દ્વારા જગતને જુએ છે, જ્યારે હીન્દુવાદીઓ કહે છે કે અમારું વેદીક વીજ્ઞાન પ્રકૃતીને અખીલાઇમાં જુએ છે. આને હોલીસ્ટીક થીંકીંગ કહે છે, જેને આજના વીજ્ઞાને પણ સ્વીકાર્યું છે તેવો હીન્દુવાદી ચીંતકો દાવો કરે છે. તેઓ ભુલી જાય છે કે પૃથક્કરણાત્મક ચીંતન દ્વારા આધુનીક વીજ્ઞાને (જેમાં પશ્ચીમીજગતના લોકો ઉપરાંત ભારતીયો, ચાઇનીઝ, જાપાનીસ વગેરેનો ફાળો વધતો જાય છે) ભવ્ય સીદ્ધીઓ (ગુરુત્વાકર્શણનો સીદ્ધાન્ત, ગતીના સીદ્ધાન્ત, થર્મોડાયનેમીક્સના નીયમો, થીયરી ઑફ રીલેટીવીટી) મેળવી છે. વળી આ હીન્દુવાદીઓનાં કાર કે સ્કુટર, ઘડીયાળ કે હૃદય બગડી જાય તો સમસ્ત કાર, સ્કુટર, ઘડીયાળ કે હૃદય રીપેર કરવાને બદલે પૃથક્કરણાત્મક પદ્ધતીથી તેઓ તેના બગડેલા પાર્ટ્સને જ રીપેર કરાવવા (જેમ કે બાયપાસ સર્જરી) પ્રયત્નશીલ રહે છે. તે વખતે તેમનું સમગ્રલક્ષી ચીંતન ચાલતું નથી. વળી, આધુનીક નક્ષત્રશાસ્ત્ર (એસ્ટ્રોનોમી) નભોમંડળનો સમસ્ત રીતે અભ્યાસ કરે છે, પરંતુ શરીરમાં ક્યાં ક્ષતી છે તે સમજવા વીજ્ઞાનીઓએ શરીરના છેક કોશ અને તેના પાર્ટ્સ અને તેમની વચ્ચેના આંતરસંબંધો તપાસવા પડે. તે વખતે પૃથક્કરણાત્મક ચીંતન જોઇએ. કેમકે આધુનીક વીજ્ઞાન બાયોલોજી અને ટેકનૉલૉજી (બાયોટેકનૉલૉજી), ભૌતીકશાસ્ત્ર અને રસાયણશાસ્ત્ર (ફીઝીકલ કેમીસ્ટ્રી), સાયકોબાયોલૉજી વગેરે

**વીજ્ઞાનના સ્થાપીત સીદ્ધાન્તો જે તે સંસ્કૃતીના સંદર્ભમાં જ સાચા છે તેવું માનવું તે આત્મ- લક્ષીતાની**

સમગ્રલક્ષી ચીંતન દ્વારા વીકસાવે છે. ભવીશ્યમાં વીજ્ઞાન સીસ્ટમ્સ થીંકીંગનો વ્યાપક ઉપયોગ કરશે, પરંતુ આ બધાને કારણે આધુનીક વીજ્ઞાને વૈદીક અખીલાઇ (હોલીસ્ટીક)ના ચીંતનને સ્વીકારવાની ફરજ પડી છે તેમ કહી ના શકાય. હીન્દુવાદીઓ આ માનવા તૈયાર નથી. તેઓ કહે છે કે પશ્ચીમનું વીજ્ઞાન પશ્ચીમની વર્ગીકરણની પદ્ધતીથી પશ્ચીમની વીશીશ્ટ સંસ્કૃતીમાં ઉભું થયું છે. વીજ્ઞાન એ દરેક સંસ્કૃતીની પેદાશ છે. તે સંસ્કૃતી નીરપેક્ષ નથી. તેથી ભારતીય સંસ્કૃતીના સંદર્ભમાં, ભારતીય ચીંતનપદ્ધતી દ્વારા ભારતીય વીજ્ઞાન ઉભાં કરવાના પ્રયત્નો થવા જોઇએ. વીજ્ઞાનના સ્થાપીત સીદ્ધાન્તો જે તે સંસ્કૃતીના સંદર્ભમાં જ સાચા છે તેવું માનવું તે આત્મલક્ષીતાની હદ થઇ ગણાય.

**સૃશ્ટીના જડ પદાર્થમાં ચૈતન્યનું અસ્તીત્વ**

વેદીક વીજ્ઞાન (?)ને આધારે સમસ્ત જગત પ્રાણમય ગણાય છે. જગતના દરેક જીવંત અને જડ પદાર્થમાં પ્રાણશક્તી છે તેમ વેદો અને ઉપનીશદો માને છે. આધુનીક વીજ્ઞાનસૃશ્ટીના જડ પદાર્થોમાં ચેતન કે જીવ કે કૉન્સીયસનેસ છે તેમ માનતું નહીં હોવાથી તે જડવાદી ગણાય છે. આ જડવાદ કે ભૌતીકવાદ પશ્ચીમી વીજ્ઞાનની મુખ્ય ત્રુટી ગણાવામાં આવે છે. તેને આધારે હીન્દુવાદીઓ એમ કહે છે કે સૃશ્ટીના દરેક જડ અને ચેતન પદાર્થમાં પ્રાણશક્તી (અંગ્રેજીમાં આને વાઇટાલીઝમ કહે છે) છે તેવી માન્યતાને આધારે ભારતીય વીજ્ઞાન વીકસાવવું જોઇએ. વીજ્ઞાન એ દરેક સંસ્કૃતી (કલ્ચર)ની પ્રકૃતી વીશેની મુળભુત માન્યતાઓની જ પેદાશ છે. તેમાં કોઇ યુનીવર્સલીઝમ નથી તેથી ભારતીય સંસ્કૃતીના 'સ્વભાવ' મુજબ એટલે કે વેદીક ધર્મની પ્રાણતત્ત્વરુપ માન્યતા દ્વારા જ અત્યારનું વીજ્ઞાન શીખવવું જોઇએ. આ વીચારનું ખંડન કરતાં અમેરીકાસ્થીત વીજ્ઞાની અને પ્રખર રેશનાલીસ્ટ મીરા નંદા તેમના 'પોસ્ટ મોડર્નીઝમ, હીન્દુ નેશનાલીઝમ ઍન્ડ વેદીક સાયન્સીઝ' નામના લેખમા લખે છે, 'સમયની મર્યાદાની બહાર એવી સનાતન હીન્દુ સંસ્કૃતીના 'સ્વભાવ' વીચારનો ઉપયોગ કરીને હીન્દુત્વ સાહીત્ય અત્યારે ખોટા સાબીત થઇ ચુકેલા વાઇટાલીઝમ (જડ અને ચેતન પદાર્થોમાં કૉન્સીયસનેસ છે)ના સીદ્ધાન્તોને સાચું વીજ્ઞાન માનીને વળગી રહ્યું છે.' જીવવીજ્ઞાનમાં વાઇટાલીઝમનો સીદ્ધાન્ત એવું માને છે કે દરેક જીવંત પદાર્થને વીશીશ્ટ જીવંત પરીબળની જરુર છે. આ જીવંત પરીબળને ભારતીય સાહીત્ય પ્રાણ, શક્તી વગેરે વીવીધ નામો આપે છે. આ પ્રાણ કે

શક્તી વગેરે જે તે પદાર્થના અણુ, પરમાણુ જેવા ભૌતીક ઘટકો ઉપરાંતનું તત્ત્વ છે. ભારતમાં જગદીશચંદ્ર બોઝે પ્રથમવાર એવો દાવો કર્યો કે છોડમાં ચૈતન્ય છે. બોઝનું કામ પાછળથી ખોટું સાબીત થતાં મુખ્ય ધારાના જીવવીજ્ઞાનીઓએ જગદીશચંદ્ર બોઝ જીવતા હતા ત્યારે જ તેમના આ સીદ્ધાન્તને ફગાવી દીધો હતો. તેમ છતાં હીન્દુત્વના સાહીત્યમાં બોઝનું આ કામ જગતના વીજ્ઞાનમાં ભારતના ફાળા તરીકે હજી ગણાવાય છે. ટુંકમાં જગતના પ્રત્યેક જડ પદાર્થમાં પણ ચેતના કે સભાનતા (અવરનેસ કે કૉન્સીયસનેસ) છે તે વેદ-ઉપનીશદના વીચારને વીજ્ઞાન સ્વીકારતો નથી. આમ, આધુનીક વીજ્ઞાન ભારતીય સંસ્કૃતીની ચેતનસ્વરુપ જગતની વીશીશ્ટ માન્યતાનું સમર્થન કરવા તૈયાર નથી.

**વેદોમાં જ્ઞાન**

એક અન્ય લેખમાં મીરા નંદા નોંધે છે કે વેદો એ વીજ્ઞાનના ગ્રંથો છે તે બાબત બે દાવાઓ પર ઉભી થઇ છે. એક માન્યતા એવી છે કે સમસ્ત વેદસાહીત્ય અત્યારના વીજ્ઞાન સાથે બંધબેસતું હોવાથી તેની સાથે સામંજસ્ય ધરાવે છે. બીજું દ્દશ્ટીબીન્દુ એમ જણાવે છે કે વેદીક જ્ઞાનસંહીતા (પેરેડાઇમ)માં જ્યોતીશ, વાસ્તુશાસ્ત્ર, ઉર્ધ્વધ્યાન (ટ્રાન્સેન્ડેન્ટલ મેડીટેશન), આયુર્વેદ વગેરેનો વીજ્ઞાન તરીકે સમાવેશ થાય છે.

પહેલી માન્યતા જેમાં વીજ્ઞાન અને વેદનું સામંજસ્ય પુરવાર કરવાનો પ્રયત્ન થાય છે તે વીચીત્ર દાવાઓ કરે છે. આ ધારા એમ કહે છે કે અત્યારે પદાર્થવીજ્ઞાન, રસાયણશાસ્ત્ર અને અન્ય પશ્ચીમી વીજ્ઞાનોમાં જે શોધખોળો થઇ છે તે વેદમાં લખ્યા પ્રમાણેની જ છે- અલબત્ત, તમને વેદના ગુઢાર્થો ઉકેલતાં આવડવા જોઇએ. આ ધારા પ્રમાણે વેદ-ઉપનીશદો તદ્દન આધુનીક ગ્રંથો છે અથવા તો આધુનીક વીચારો સાથે બંધબેસતા અથવા સરખાપણું કે પછી સામંજસ્ય ધરાવતા ગ્રંથો છે. દા.ત. તેઓ એમ કહે છે કે પરમાણુની નીચેની દુનીયા (સબઍટોમીક વર્લ્ડ)માં જે ન્યુટ્રોન, પોટ્રોન અને પોઝીટ્રોન છુપાયેલા છે તેનાં લક્ષણો એ હીન્દુ ધર્મમાં વર્ણવેલાં રજસ, સત્ત્વ અને તમસનાં જ લક્ષણો છે એટલે અમારી ત્રીગુણની થીયરી પહેલેથી જ સાચી હતી. બીજી ધારાનું ચીંતન આધુનીક વીજ્ઞાનને મોટો પડકાર ફેંકે છે. તે એમ કહે છે કે જેમ પશ્ચીમી વીજ્ઞાન પૃથક્કરણાત્મક અને રેશનલ ચીંતન દ્વારા વીજ્ઞાનના સીદ્ધાન્તો શોધે છે તેવી જ રીતે વેદીક વીજ્ઞાન તેની અખીલાઇનાં દ્દશ્ટીબીન્દુથી જગતના જુદા જુદા પદાર્થોનાં કે જીવોનાં લક્ષણોમાં સામ્યતા કે તફાવતોનો અભ્યાસ કરીને તથા તેઓમાં અખીલાઇ શોધીને મનઃચક્ષુ દ્વારા સત્ય શોધે છે. આ સાધુસંતો-રુશીઓ અભેદ માર્ગના પ્રવાસી છે. હીન્દુઓના વૈકલ્પીક વીજ્ઞાનો (ઓલ્ટરનેટીવ સાયન્સીઝ) છે. આ દલીલના પ્રખર પુરસ્કર્તા આશીશ નાંદીના એક પુસ્તકનું શીર્શક ઓલ્ટરનેટીવ સાયન્સીઝ (એલાઇડ પબ્લીશર્સ લીમીટેડ, ૧૯૮૦) છે. આ જ મુદ્દાઓનો ઉપયોગ કરીને ભારતનાં વંદના શીવા જેઓ ઇકોફેમીનીસ્ટ ગણાય છે તેમણે પશ્ચીમ જગતના વીજ્ઞાન વીરોધી દ્દશ્ટીબીંદુનો ફેલાવો કરી, પશ્ચીમની વૈજ્ઞાનીક પરંપરાને નાલાયક ગણીને પોતાના નામ 'શીવા' પ્રમાણે વીજ્ઞાન વીનાશ 'તાંડવનૃત્ય' શરુ કર્યું છે. પશ્ચીમીજગતમાં તેઓ શીવા - ધ ડીસ્ટ્રોયર તરીકે ઓળખાય છે, જ્યારે પશ્ચીમના કેટલાક વીજ્ઞાનવીરોધી અને આધુનીકતાવાદીઓ તેમને પુશ્કળ વખાણે છે.

આ બધાનું એક ખરાબ પરીણામ ભારતમાં એ આવશે કે ભારતીય શાળાઓ અને વીદ્યાલયોમાં વેદીક પદાર્થવીજ્ઞાન, વેદીક રસાયણશાસ્ત્ર, વેદીક ગણીત (જે ગણતરીની ઝડપી પદ્ધતીઓથી ખાસ આગળ વધતું નથી અને જેનું ગણીત અત્યારની સરખામણીમાં તદ્દન પ્રાથમીક કક્ષાનું છે) તે બધું ઓલ્ટરનેટીવ સાયન્સીઝને નામે દાખલ કરાશે. જ્યોતીશશાસ્ત્ર અને વેદીક કર્મકાંડ તો દાખલ થઇ જ ગયાં છે. હવે મેલીવીદ્યા, તાંત્રીકવીદ્યા, પુશ્કર વીમાનશાસ્ત્ર, ધનુર્વીદ્યા વગેરે પણ દાખલ થઇ શકે છે. આ બાબત ભારતને અંધકારયુગ તરફ લઇ જાય તેમ છે. આશીશ નાંદી, પાર્થ ચેટરજી, વંદના શીવા - ધ ડીસ્ટ્રોયર વગેરે પશ્ચીમીવીજ્ઞાનની પ્રગતીથી ગભરાઇ ગયાં છે. તેઓનું રાશ્ટ્રીય અહમ્ ઘવાયું છે. તેઓ લઘુતાગ્રંથીથી પીડાઇને ઓવરરીએક્ટ કરતા જણાય છે. તેઓ પશ્ચીમની સંહારક ટેકનૉલૉજીનો વીરોધ કરતા હોય તે સમજી શકાય તેમ છે, પરંતુ આ રાશ્ટ્રવાદી ચીંતકો પશ્ચીમની ટેકનૉલૉજીનો નહીં, પરંતુ વીજ્ઞાનનો વીરોધ કરે છે. વીજ્ઞાન તો સત્ય શોધવાનું એક સાધન છે. તેમાં પુર્વ કે પશ્ચીમના ભેદ નથી. તે સાર્વત્રીક છે આ વાત સ્વીકારવા તેઓ તૈયાર નથી. આધુનીક વીજ્ઞાનના બીજા કટ્ટર વીરોધીઓ અનુઆધુનીકવાદીઓ

**તેઓ પશ્ચીમની સંહારક ટેકનૉલૉજીનો વીરોધ કરતા હોય તે સમજી શકાય તેમ છે, આ રાશ્ટ્રવાદી ચીંતકો પશ્ચીમની ટેકનૉલૉજીનો નહીં, પરંતુ વીજ્ઞાનનો વીરોધ કરે**

છે, તેઓની ચર્ચા જુદો લેખ માગી લે છે તેથી અહીં તેમના દ્રશ્ટીબીન્દુની ચર્ચા કરી નથી.

**ક્વૉન્ટોમ મીકેનીક્સ અને પુર્વનો ગુઢવાદ (મીસ્ટીસીઝમ)**

પરમાણુથી પણ સૂક્ષ્મ તત્ત્વોનું (સબઍટમીક) જે વીજ્ઞાન ૨૦મી સદીની શરુઆતમાં નીલ્સ બ્હોર, હાઇઝનબર્ગ વગેરેએ વીકસાવ્યું તેને ક્વૉન્ટમ મીકેનીક્સ કહે છે. તેનાં નીરીક્ષણો ચોંકાવનારાં આવ્યાં. આ વીજ્ઞાનમાં પાર્ટીકલનાં કોઇ સ્થીર લક્ષણો નથી. તેનાં લક્ષણોનો આધાર તેના નીરીક્ષક (ઑબ્ઝર્વર) પર રાખે છે. એનું નીરીક્ષણ કરો તે ક્ષણે જ કુદરત તેનાં લક્ષણો (ઇલેક્ટ્રોનની પૉઝીશન કે તેનું મોમેન્ટમ) નક્કી કરે છે. આ પ્રક્રીયા તદ્દન યદ્દચ્છ (રેન્ડમ) છે. આને વીસ્તારથી હાઇઝનબર્ગે તેમના 'અનસર્ટન્ટી પ્રીન્સીપલ' (અનીશ્ચીતતાના સીદ્ધાન્ત) દ્વારા રજુ કર્યો છે. પરમાણુથી વધુ સુક્ષ્મ દુનીયામાં સબ્જેક્ટીવ અને ઓબ્જેક્ટીવનો ભેદ જતો રહે છે. નીરીક્ષણ કરનાર જ વસ્તુલક્ષી વાસ્તવીકતામાં ભાગ લે છે. પદાર્થવીજ્ઞાની માત્ર નીરીક્ષક નહીં, પરંતુ વાસ્તવીકતા ઉભી કરનાર ઍક્ટર બની જાય છે. ઇ.સ. ૧૯૩૫માં આઇન્સ્ટાઇન, બૉરીસ પોડોલ્સ્કી અને નાયન રોઝને તેમના છેલ્લા નામ પરથી EPR પેરેડોક્સ (વીરોધાભાસી મૉડેલ) જગત સમક્ષ રજુ કર્યું. બે અરસપરસ સંબંધીત પાર્ટીકલ્સ લો. દા.ત. જ્યારે ઇલેક્ટ્રોન અને પોઝીટ્રોન મળીને એકબીજાનો સંહાર કરી નાખે છે ત્યારે તેમાંથી A અને B ફોટોન એકબીજાની વીરોધી દીશામાં જતા રહે છે. તેઓ એકબીજાથી અનેક પ્રકાશવર્શ દુર હોય તો પણ એકબીજા સાથે સંકળાયેલા રહે છે. જો A એકબાજુ વળે તો તે જ વખતે હજારો પ્રકાશવર્શ દુર B બીજી બાજુ વળે છે. આ કેમ બને છે તે હજી ક્વૉન્ટમ મીકેનીક્સ માટે કોયડા રુપ સમસ્યા છે ઇ.સ. ૧૯૬૫માં જે. એસ. બેલ નામના વીજ્ઞાનીએ બેલ્સ થીયરી દ્વારા પુરવાર કર્યું કે આ ઘટના પાછળ કોઇ સ્થાનીક (એટલે કે ફોટોનની અંદરના કે તેની આજુબાજુના) કારણો નથી, પરંતુ આની પાછળ કયાં કારણો છે તેનો હજુ ઉકેલ આવ્યો નથી. આ પરીણામોથી જગતના અને ખાસ કરીને પુર્વના આધ્યાત્મીકો આનંદમાં આવી ગયા છે. તેઓ એમ કહે છે કે પુર્વના અધ્યાત્મવાદીઓ તો કહેતા જ આવ્યા છે કે દ્રશ્ટા અને સૃશ્ટી એટલે કે સૃશ્ટીના પદાર્થ અને તેને નીરખનાર વચ્ચે કોઇ ભેદ નથી. વળી સમગ્ર સૃશ્ટીના જડચેતન પદાર્થો એકબીજા સાથે સંકળાયેલા છે માટે પુર્વનો ગુઢવાદ સાચો છે. ફ્રીત્ઝોફ કાપરા નામના વીજ્ઞાનીએ 'ધ તાઓ ઑફ ફીઝીક્સ' નામનું પુસ્તક આ વીશય પર લખ્યું અને જણાવ્યું કે આ સમગ્ર સૃશ્ટીનાં તત્ત્વો તે ભગવાન શંકરનું નૃત્ય છે. જગતના કોઇ પ્રતીશ્ઠીત વીજ્ઞાનીને વીજ્ઞાનજગતની આવી શોધોનું આધ્યાત્મીક પૃથક્કરણ માન્ય નથી. ક્વૉન્ટમ મીકેનીક્સ પુર્વના ગુઢવાદને અનુમોદન આપે છે તેવું તારણ સાચું નથી.

**ઉપસંહાર :** વીજ્ઞાન અને ધર્મ જેને હવેના સાધુ-સંતો તથા સ્વામીઓ અધ્યાત્મના રુપાળા નામે ઓળખે છે તે બન્ને વચ્ચે સામંજસ્ય શક્ય નથી. અધ્યાત્મવાદીઓ ધાર્મીક ક્રીયાકાંડોમાં માનનાર જેટલા જ દંભી છે. તેઓ ઇશ્વરને પામવા રત રહે છે. વીજ્ઞાન આ જીવનને તથા પ્રકૃતીને અંતીમ માને છે. જ્યારે અધ્યાત્મ પરલોકના જીવનને અગત્યનું ગણે છે. એક વસ્તુલક્ષી સત્ય નીરીક્ષણ અને પરીક્ષણ દ્વારા સ્થાપવા માગે છે તો અધ્યાત્મ આત્મચીંતન અને આત્મખોજ દ્વારા આત્મલક્ષી સત્યની શોધ કરવા માગે છે. અત્યારના જગતમાં જે ભયાનક વલણ ઉભું થયું છે તે એ છે કે વીજ્ઞાનને ધર્મની દાસી બનાવી દેવી અને વીજ્ઞાનની વસ્તુલક્ષીતા અને સાર્વત્રીકતા પર પ્રહાર કરવો. વીજ્ઞાન પૃથક્કરણાત્મક છે તો આધ્યાત્મ સમગ્રલક્ષી ચીંતન કે અખીલાઇનો દાવો કરીને વીજ્ઞાનથી પણ ઉપરનાં સત્યો શોધવાનો દાવો કરે છે. ઝનુની રાશ્ટ્રવાદીઓ એમ માને છે કે અમારા ધર્મગ્રંથોમાં આજનું બધું જ વીજ્ઞાન છુપાયેલું છે, અથવા આગળ વધીને એમ કહે છે કે અમારો ધર્મ જ વીજ્ઞાન આધારીત છે.

ભારતના એકેએક ચીંતકો અને સાહીત્યકારો એમ માને છે કે નૈતીકતાનો પાયો ધર્મ છે. લોકો ધર્મમાં માને છે તેથી જ પાપ કરતા નથી. પશ્ચીમનું વીજ્ઞાન સાંસ્કૃતીક ગુલામીની નીશાની છે, તે વસાહતવાદી હીતો સંતોશવા ઉભું કરાયું છે. તેનો સ્વીકાર આપણા વસાહતવાદી માનસ (કૉલોનીયલ માઇન્ડ)ની ચાડી ખાય છે તેવો પ્રચાર આધુનીક રાશ્ટ્રવાદી ઝનુનીઓ કરીને આપણા પ્રાચીન જ્ઞાનની શ્રેશ્ઠતા સાબીત કરવા માગે છે, પરંતુ તેઓ ભુલી જાય છે કે આધુનીક પશ્ચીમી ગણાતા વીજ્ઞાનમાં ઘણા ભારતીયોએ (સી. વી. રામન, મેઘનાદ સહા, ભટનાગર વગેરે) ગણનાત્મક ફાળો આપ્યો છે.

**જગતના કોઇ પ્રતીશ્ઠીત વીજ્ઞાનીને વીજ્ઞાનજગતની આવી શોધોનું આધ્યાત્મીક પૃથક્કરણ માન્ય નથી. ક્વૉન્ટમ મીકેનીક્સ પુર્વના ગુઢવાદને અનુમોદન આપે છે તેવું તારણ સાચું નથી**

# દુનીયા ઝુકતી હૈ, ઝુકાનેવાલા ચાહીયે

– નવીન બૅન્કર

અધ્યાત્મ અને અગમનીગમની વાતોમાં મારા જેવા સામાન્ય માણસને કશી સમજ પડતી નથી હોતી. થોડાક સંસ્કૃત શ્લોકો, સુભાશીતો અને ચોક્કસ શબ્દો વાપરવાની કળામાં નીશણાત કેટલાક ચલતા પુર્જાઓ અને બાજીગરો-એક્ટરો, ભોળા ધાર્મીક અંધશ્રદ્ધાળુઓને આંજી દઇ શકે છે. બાબાઓને અવતારી પુરુશો તરીકે ઠઠાડી દઇને એમનાં મંદીરો બાંધી દે છે. શરુઆતમાં ભાડાની દુકાનોમાં-હાટડીઓમાં ફોટા મુકીને પુજા-આરતી શરુ કરે, પછી પૈસા ભેગા થાય એટલે દાન માટેની ટહેલ નાખીને ફંડ એકઠાં કરે અને પછી તો બસ... દાનપેટીઓમાં આવતા ડૉલરોની નોટો જ ગણવાની હોય તેમને ! કોઇને કલ્કીનો અવતાર બતાવવાનો તો કોઇને સાઇબાબાનો અવતાર... આવા તો ઘણાં તુત ચાલે છે હીન્દુઓની આસ્થાને રોકડી કરી લેવાના.

હમણાં એક નવું તુત જાણવામાં આવ્યું.

ઇન્ડીયામાં બે નંબરનાં ઢગલેઢગલાં નાણાં ભેગાં કરનાર બાબાઓ, પરદેશમાં સ્થાયી થયેલા કોઇ જાણીતા માણસને અનુયાયી બનાવી દે. તેમને પરદેશમાં મંદીર ઉભું કરવા નાણાં પણ હવાલા મારફતે પહોંચાડે. પેલો બાજીગર એ બાબાને કોઇ પ્રભુનો અવતાર ઠઠાડી દઇને એના ફોટાઓ સાથે મંદીર ઉભું કરી દે. આ બાબા ફલાણા દેવતા કે દેવીના અવતાર છે અને મનોકામના પુર્ણ કરે છે એવી વાતો ફેલાવે. સ્થાનીક છાપાંઓમાં પૈસા ખર્ચીને અહેવાલો છપાવે, રેડીયોવાળાને પણ બોલાવે, પેમ્ફલેટો છપાવે અને ગ્રોસરી સ્ટોર્સ પર ચીપકાવે. આરતી-પુજા તો ખરી જ. પ્રસાદ અને મહાપ્રસાદો પણ ખરા. સ્થાનીક હોટેલવાળા, ભાવીકભક્તો આશીર્વાદ મેળવવા આ બની બેઠેલા પ્રભુઓને ભોગ માટે ફ્રી પ્રસાદ પણ ધરે. લોકોને આકર્ષવા માટે ફ્રી મેડીટેશન, ફ્રી યોગના ક્લાસીસ ચલાવે (અફ કોર્સ, સ્વૈચ્છીક દાન અચુક સ્વીકાર્ય હોય જ). અને... આપણી ભોળી, ધર્મભીરુ બહેનો (ભાઇઓ નહીં !) કશુ મફતમાં તો લે જ નહીં ! એટલે દાનપેટીઓમાં દક્ષીણા મુકે જ. બસ... નોટો છાપવાનું મશીન ચાલુ - ટૅક્સ ફ્રી. કૉર્પોરેશન બનાવ્યું હોય અને ટૅક્સ-ફ્રી સગવડ મળી હોય. પછી તો ચેક કે ક્રેડીટ કાર્ડથી જેટલાં નાણાં આવે એનો જ હીસાબ રાખવાનો અને ખર્ચા વધારે બતાવી દેવાના. રોકડેકા સબ માલ હડપ કરનેકા !

પેપર પર તો આવા ગુરુની કોઇ આવક હોય નહીં; એટલે અમેરીકન સરકારનું વેલફેર, એસએસઆઇ, મેડીકલ એઇડ, ફુડ કુપનો તો મળે જ. અને... સફેદ દાઢી વધારી, લુંગી-ઝભ્ભો પહેરીને ભકતાણીઓને માથે હાથ મુકીને આશીર્વાદો આપ્યા કરવાના. ભોગમાં મળેલો પ્રસાદ, પ્રભુને ચઢાવેલાં કેળાં, મેવા-મીઠાઇઓનાં પેકેટો આરોગવાનાં અને મંદીરના ખર્ચે જ એરકન્ડીશનર, પંખાઓનો ઉપયોગ કરવાનો. આવેલાં નાણાંમાંથી એર ઇન્ડીયાની ટ્રીપો પણ મરાય. ખર્ચા 'ધર્મસ્થાપનાય' ઉધારી દેવાય. હા ! તમારે તમારું જે ઑફીશીયલ નામ હોય એ માત્ર વેલફેર અને મેડીકૅર-મેડીકેઇડ માટે જ રાખવાનું. બાકી કોઇ 'પ્રભુ' કે 'દેવતા' કે કંઇક ધર્મ જેવો આભાસ ઉભો થાય એવું જ નામ ચલણમાં મુકવાનું. કેસ-બેસ થાય કે ઉઠમણું કરવાનો વખત આવે તો લોકો ભલેને પેલા 'પ્રભુ'ને શોધતા !!! આ બાબતમાં આપણા 'દેશીઓ'ને શીખવવાનું ના હોય. બીઝનેસ કાર્ડ પર ડાહ્યાભાઇ 'ડેની', કાન્તાબહેન 'કેલી', મણીલાલ 'માઇક' અને રસીકલાલ 'રોબર્ટ' લખતા આપણા બંધુઓને આપણે રોજબરોજ મળતા જ હોઇએ છીએ ને !

ઇન્ડીયાથી આવતી વખતે કમ્પ્યુટરનું જ્ઞાન અને થોડુંક સંસ્કૃતનું કામચલાઉ જ્ઞાન મેળવીને આવવું જોઇએ. પ્રવચનોમાં લોકોને આંજી દઇ શકાય એટલા ધર્મગ્રંથોનાં ઉદાહરણો, ટુચકાઓ, સંસ્કૃતના શ્લોકો અને થોડી હાજરજવાબી, આટલી મુડી બસ છે !

આંખ અને કાન ખુલ્લા રાખીને, તમારી આજુબાજુના વાતાવરણમાં ઘુમશો તો આવા બાજીગરો મળી જશે. એમને ઓળખવા હોય તો એમને પ્રશ્નો પુછજો. મોટેભાગે તમારા પ્રશ્નો ના સંતોશકારક ઉત્તરો તેમની પાસે નહીં હોય. એક જ જવાબ તમને મળશે કે 'આ તો શ્રદ્ધાની વાત છે. તમને શ્રદ્ધા ન હોય તો કશો જ અર્થ નથી અને એ તો પ્રભુની તમારા પર કૃપા થાય તો જ તમને શ્રદ્ધાનું વરદાન મળે. બાકી, તમારી જાતને રેશનાલીસ્ટમાં ખપાવીને ઉંચા કૉલર રાખીને ઘુમ્યા કરો, ભાઇ ! મારી પર ગુરુજીની કૃપાદૃશ્ટી થઇ એટલે મને આ જ્ઞાન થયું.'

દુનીયા ઝુકતી હૈ, ઝુકાનેવાલા ચાહીએ...

સબ કુછ સીખા હમને, ના સીખી હોશીયારી... સચ હૈ દુનીયાવાલોં કી હમ હૈ અનાડી...

**(ગોવીંદ મારુની બ્લોગ 'અભીવ્યક્તી'માંથી સાભાર)**



# કથાપાત્ર : રાવણ

## નેપોલીયન વીશે જે કહેવાયું છે તે રાવણ વીશે પણ કહી શકાય કે નીતીવીહોણો સમર્થ માણસ જેટલી ઉંચી કક્ષાએ ચડી શકે તેટલી મોટાઇ તેણે પ્રાપ્ત કરી લીધી હતી

**– નગીનદાસ સંઘવી**

**રા**વણ શારીરીક રીતે પ્રભાવશાળી અને પરાક્રમી છે, પણ રાજા તરીકે કે સામાન્યજન તરીકે શક્તી કે આવડત તેનામાં નથી. નીતી કે સીદ્ધાંતમાં તેને કશો રસ નથી અને માનફાવે ત્યારે કોઇ પણ પગલું ભરતાં તે અચકાય તેવો નથી. નેપોલીયન વીશે જે કહેવાયું છે તે રાવણ વીશે પણ કહી શકાય કે નીતીવીહોણો સમર્થ માણસ જેટલી ઉંચી કક્ષાએ ચડી શકે તેટલી મોટાઇ તેણે પ્રાપ્ત કરી લીધી હતી. He rose as high as a man can withou any moral qlualities. દુનીયાનો સર્વસામાન્ય અનુભવ છે કે સામર્થ્યથી સત્તા અને ઐશ્વર્ય મેળવી શકાય છે, પણ તેને ટકાવી રાખવા માટે જે સંયમ અને શુદ્ધી જોઇએ તે રાવણ પાસે નથી. ચરીત કરતાં ચારીત્ર્યનું મહત્ત્વ અનેકગણું વધારે છે તે વાત રાવણ કદી સમજ્યો હોય તેમ લાગતું નથી. શૂર્પણખા, મારીચ અને વીભીશણ જેવા વીભીન્ન સ્વભાવના લોકોએ તેને માટે હંમેશાં પ્રમત્ત (છકેલો), અજીતેન્દ્રીય (વીલાસી), કર્કશ (ઘાતકી) એવા વીશેશણો વાપર્યાં છે. રાવણને લોકરાવણ બનવાનો, લોકોને ત્રાસ આપીને ચીસો પડાવવાનો શોખ છે. આવું રાજ્ય અને આવો રાજા કેવળ પશુબળ પર આધારીત હોવાથી તેમાં કશું આંતરીક સામર્થ્ય અગર ટકાવશક્તી હોતાં નથી અને વહેલેમોડે કોઇ ચડીયાતા પશુબળ જોડે ટક્કર લેવી પડે ત્યારે ઢાળેલા ધાતુપાત્ર પ્રમાણે તેના તરત જ ટુકડેટુકડા થઇ જાય છે. રાજતંત્રો બળ પર આધાર રાખતાં હોવા છતાં જે રાજ્યમાં વારંવાર બળપ્રયોગ કરવો પડતો હોય તે કનીશ્ઠ પ્રકારનું રાજ્ય છે તેવી માન્યતા ચીનના તત્ત્વચીંતકોએ અતીશય તર્કશુદ્ધ દલીલો સહીત રજુ કરી છે. રાવણનું રાજ્ય ઉપરાછાપરી આડાઅવળા ગોઠવીને મુકાયેલા પથ્થરોના મસમોટા ઢગલાથી બનાવેલું ઘર છે. લોકચાહના, વ્યવસ્થીત અને દેખતો વહીવટ, ચુસ્ત નીયમપાલનરુપી સીમેન્ટથી બંધાયેલું મહાલય નથી અને તેથી જ વાંદરાઓ તેના પથ્થરો એક પછી એક ઉંચકી ઉંચકીને છુટા પાડી નાખી શકે છે. રાવણના યોદ્ધાઓ પણ વારાફરતી જ લડે છે. એકસામટા, જુથ બાંધીને લડવા ઉતરતા નથી. આ યોદ્ધાઓ મહારથીઓ છે. કુંભકર્ણ, ઇન્દ્રજીત અને રાવણ પોતે એકલા હાથે રામસેનાને અને ખુદ રામલક્ષ્મણને ધોળે દીવસે તારા દેખાડી શકે છે અને આખી સેનાને ઢાળી દે છે. આ બધા યોદ્ધાઓ એકસામટા મેદાનમાં ઉતરી આવ્યા હોત તો તેમની સામે ટકી રહેવાનું રામ અને રામસેનાને ભારે પડી ગયું હોત. પણ આવું કદી થયું જ નહીં. બધા સાથે મળીને લડીએ તેવો મહોદરનો પ્રસ્તાવ કુંભકર્ણે જે તીરસ્કારથી ફગાવી દીધો તે આંતરીક ફાટફુટનું સ્પશ્ટ સુચન છે. વાંદરાઓ વ્યક્તીગત રીતે ઓછી શક્તીવાળા હોવા છતાં એકજુટ છે. રાક્ષસો વધારે તાકાતવાળા હોવા છતાં આંતરીક વીખવાદથી પીડાય છે.

**શૂર્પણખા, મારીચ અને વીભીશણ જેવા વીભીન્ન સ્વભાવના લોકોએ તેને માટે હંમેશાં પ્રમત્ત (છકેલો), અજીતેન્દ્રીય (વીલાસી), કર્કશ (ઘાતકી) એવા વીશેશણો વાપર્યાં છે**

વળી રાજાઓ કે યોદ્ધાઓ માટે સૌથી મોટો અને સૌથી વધારે ઘાતક અવગુણ-આળસ, બેદરકારી, પ્રમતત્તા-રાવણમાં ભારોભાર ભર્યો છે. તેની જાસુસી સેવા એટલી પાંગળી છે કે જનસ્થાનમાં રાક્ષસોનો આટલો મોટો હત્યાકાંડ થયો તેની ખબર સુદ્ધાં તેને મળતી નથી. શુર્પણખાએ આ ખામી માટે જે ચાબખાઓ માર્યા છે તે તદ્દન વાજબી છે. આ હત્યાકાંડના ખબર સાંભળીને કોઇની જોડે સલાહમસલત કર્યા વગર જ તે વેર લેવા નીકળી પડે છે. સીતાહરણનો નીર્ણય લઇ કાઢે છે અને હીતેચ્છુઓની શીખામણો ઠોકરે મારીને તેનો અમલ પણ કરી નાખે છે. વેર તો રામની સાથે છે, છતાં રામને ખતમ કરવા માટે કશું કરતો નથી. સીતાહરણથી વીહવળ, ભટકતા, થાકેલા, હતાશ થઇ ગયેલા રામને મારી નાખવા

માટે તેની પાસે છ-આઠ મહીના જેવો સમય રહે છે. તેનો કશો જ ઉપયોગ તે કરતો નથી. સીતાને કાયમ માટે ભોગવવી હોય તો રામને પુરો કરી લેવો જરુરી છે તેટલી સાદી સીધી વાત પણ તેના ધ્યાનમાં ઉતરતી નથી. કારણકે તે લંકાની અભેદ્ય સુરક્ષીતતા પર મુસ્તાક છે. કોઇ આવી શકે તેમ નથી. સીતા ક્યાંય જઇ શકે તેમ નથી, તેથી વહેલેમોડે સીતાએ પોતાનો સ્વીકાર કરવો જ પડશે તેવી તેની ગણતરીમાં અનેક વીચારદોશ છે.

સુગ્રીવ જોડેની રામની દોસ્તી અને વાલીની હત્યાને ચાર-પાંચ મહીના વીત્યા છતાં આ બનાવ અંગે તેને કશા ખરખબર મળતા નથી. હનુમાન ખબર આપે છે ત્યાર પછી પણ અગાઉ જેના હાથે પોતાને પરાજય ભોગવવો પડ્યો છે તેવા મહાસમર્થ વાનરરાજના આવા અકાળ મૃત્યુ અંગે અને આ પરાક્રમ કરી શકે તેવા રામ અંગે તેના મનમાં કશું કુતુહલ પણ જાગતું નથી. હનુમાન એકલા હાથે આટલું નુકસાન કરી જાય તેની શરમ અને વેદના રાવણ અનુભવે છે અને તેનું માથું નીચે ઝુકી જાય છે. પણ રામસેના દરીયાના સામે કાંઠે આવીને ઉભી રહી ત્યાં સુધી આ બાબતમાં તે કશું કરતો, જોતો, વીચારતો નથી. વાનરસેના આવી પહોંચ્યા બાદ મંત્રીસભા બોલાવીને ચર્ચા કરે છે. ‘‘હવે મારે શું કરવું તે કહો. હનુમાન જેવા આ વાંદરાઓ ગમે તેમ કરીને અહીં આવી પહોંચશે અને લંકાને ઘેરો ઘાલશે.’’ ખુશામતખોર રાક્ષસમંત્રીઓ બચાવ કરે છે કે આપણે ગાફેલ હતા અને ભરોસામાં બેસી રહ્યા તેથી હનુમાન છેતરી ગયો, નહીંતર અમે જીવતા બેઠે એ વાંદરું તે વળી જીવતું પાછું જઇ શકે ખરું ? ખુશામતખોર આવી વાત કરે તેની નવાઇ નથી, પણ આટલા ઉંચા સ્થાને બેઠેલો માણસ તેનું પોકળપણું પારખી ન શકે તે ભારે નવાઇ જેવું છે. આપણી સેના અફાટ છે, આપણા યોદ્ધાઓ પરાક્રમી છે. આપણે તો આવી કંઇ કેટલીય લડાઇઓ જોઇ લીધી અને જીતી પણ ખરી. તમારે તે વળી આવી વાતનો વીચાર પણ કરવાનો હોતો હશે ? કોઇએ સલાહ આપી કે ઇન્દ્રજીતને સામે કાંઠે મોકલીને રામસેનાને ત્યાંની ત્યાં જ ખતમ કરી નાખીએ. વજ્રદંશ્ટની સલાહ એવી છે કે થોડા રાક્ષસો માણસનું રુપ લઇને ભરતના સૈનીકો મદદે આવ્યા છીએ તેવો દેખાવ કરીને રામસેનામાં ભળી જાય અને અધવચ્ચે લાગ મળે ત્યારે તેને મારી નાખે.

વીભીશણની સલાહ જુદી છે અને વધારે સમતોલ છે. ‘‘ગાફેલ અને નબળો શત્રુ સહેલાઇથી જીતાય છે. રામ નબળો પણ નથી અને ગાફેલ પણ નથી. કેવળ કજીયો જ થાય તેવું પગલું જ શા માટે ભરવું ? દુશ્મનનું બળ ઓછું આંકવામાં ભુલ થાય છે. આમ જોઇએ તો રામનો વાંક પણ શું ગણીએ ? આપણે તેની વહુને ઉપાડી લાવ્યા છીએ, માટે તે પાછી સોંપી દેવી. તેને અહીં રાખીને આપણે શો લાભ લેવાનો છે ? નકામું કોઇ જોડે વેર વધારવું ન જોઇએ.’’ રાવણે જવાબ વાળ્યો કે ‘‘મને તો કશું જોખમ દેખાતું નથી. આટલી મોટી સંખ્યામાં વાંદરાઓ દરીયો પાર કરીને અહીં આવશે શી રીતે ? વળી માણસનો ભય આપણને શા માટે હોય ? છતાં વીચારવીમર્શ કરીએ.’’ કુંભકર્ણે કહ્યું કે સલાહ સીતાહરણ કરતાં અગાઉ લેવી જોઇતી હતી. રાજાએ હંમેશાં ન્યાયથી ચાલવું જોઇએ. પણ હવે તો લડી લીધા સીવાય બીજો કોઇ રસ્તો જ રહ્યો નથી. તમે શરું કર્યું તે અમે પુરું કરી આપીએ. રામને હણી નાખ્યા પછી સીતા તમને આપોઆપ તાબે થશે. વીભીશણે ચુપ બેસવાને બદલે પોતાની વાત વધારે ભારપુર્વક, વધારે કઠોર શબ્દોમાં ધાકધમકી સાથે રજુ કરી અને ગુસ્સે થયેલા રાવણે તેને હાંકી કાઢ્યો. પોતાના મંતવ્યથી વેગળી કે વીરુદ્ધ સલાહ મળે ત્યારે વધારે વીચાર કરી જોવાને બદલે ગુસ્સે થઇ જવાનો અતીશય જોખમી અવગુણ પણ રાવણમાં છે.

**પોતાના મંતવ્યથી વેગળી કે વીરુદ્ધ સલાહ મળે ત્યારે વધારે વીચાર કરી જોવાને બદલે ગુસ્સે થઇ જવાનો અતીશય જોખમી અવગુણ પણ રાવણમાં છે**

મોડે મોડે સક્રીય બનીને રાવણે જાસુસો મોકલ્યા. તે બધા ધોયેલા મુળા જેવા પાછા આવ્યા. આવું વારંવાર થયું. ‘‘રામસેના પર જાસુસી શક્ય નથી, કારણકે વાંદરાઓ કશી વાત તો કરતા જ નથી. બસ હુપાહુપ અને ઠેકાઠેક જ કર્યા કરે છે અને નહીંતર ચુપચાપ કામ જ કર્યા કરે છે.’’ રામ પુલ બાંધશે અને આખી સેનાને સામટી સાગર પાર ઉતારશે તે હકીકત રાવણની ગણતરીની બહારની હતી, પણ દુશ્મનની વીરતા અને સીદ્ધીઓ મોકળા મને વખાણવાનો જે ગુણ રાવણમાં ઠેરઠેર દેખાય છે તે અહીં પણ ઉપર તરી આવ્યો પણ તે પોતાની સૈન્યશક્તી અને પોતાના વૈયક્તીક પરાક્રમ પર મુસ્તાક છે. ‘‘મારા ધનુશ્ય રુપી વીણાના તાર હું રણમેદાનમાં વગાડીશ નહીં ત્યાં સુધી રામને ભાન નહીં આવે કે મારો વેગ સાગરના જેવો છે અને મારું બળ પવન જેટલું છે.’’ રાવણે બોલાવેલી મંત્રીસભામાં માલ્યવાને રામ જોડે સંધી કરવાની ભલામણ કરી, પણ રાવણે તો ગુસ્સે થઇને પોતાનાં પરાક્રમો ગાયાં. ‘‘મને કોણ જીતવાનું છે ? રામ અને વાંદરાઓમાં છે

શું ? હું તો રાક્ષસોનો રાજા છું. દેવતાઓ પણ મારાથી થરથરે છે. છતાં તમે બધા મને તુચ્છ કેમ સમજો છો ? આટલું કહ્યા પછી રાવણે પોતાનો મોટો અવગુણ અજાણ્યાભાવે કબુલ કરી લીધો. ''હું ભાંગી જઇશ પણ વળીશ નહીં.'' રામે પુલ બાંધ્યો એમાં એવી તે શી ધાડ મારી છે કે આપણે ડરીને બેસી જઇએ ? આવું અક્કડ વલણ વ્યવહારુ જગતમાં કેટલું જોખમી થઇ પડે તે કહેવાની જરુર રહેતી નથી, પણ રાવણ તો એક પગલું આગળ જાય છે અને જુદો મત ધરાવનાર માલ્યવાન પર શત્રુહીતેચ્છુ હોવાનો આક્ષેપ મુકે છે.

મહત્ત્વના અને જોખમી કોઇ પણ કામમાં મતભેદ અને ચર્ચા અનીવાર્ય હોય છે. આવા મતભેદ અને ચર્ચાબાજી રાવણની સભાઓમાં થાય છે તેમ રામની સભાઓમાં પણ થાય છે. પોતાના મતથી વીરુદ્ધની વાત સાંભળીને રામે કદી ગુસ્સો કર્યો નથી, પણ શાંતીથી, હસીને, તડજોડ કરીને સહુ કોઇને રાજી રાખ્યા છે. જ્યારે રાવણ ગુસ્સે થઇને, બધાને ચુપ કરી દઇને પોતાના જુથમાં બેદીલી અને નારાજગી ફેલાવે છે. રાવણ વધારે બળવાન અને વધારે ઓજસ્વી યોદ્ધો છે, પણ રામ વધારે ઉંચી કક્ષાનો સેનાપતી છે. નાની કે મોટી લડાઇ કેવળ અંગત બળથી જીતી શકાતી નથી, કારણ કે લડાઇમાં સંઘબળ શુરવીરતા કરતાં વધારે મોટો ભાગ ભજવે છે. આ સંઘબળને છેવટની ઘડી સુધી અતુટ અને એકજૂટ ટકાવી રાખે તેવો સેનાપતી જ લડાઇ જીતે છે. સૈનીકો લડે, મારે કે મરે અને પરાક્રમો કરે, પણ લડાઇ જીતવાનું કામ સેનાપતી જ કરી શકે. સૈનીકો કદી લડાઇ જીતતા નથી. લડાઇમાં સેનાપતીને કદી શુરવીરતાના ચાંદ મળતા નથી, પણ લડાઇ હારવા-જીતવાનો યશ-અપયશ હંમેશાં તેને આપવામાં આવે છે. રાવણ પોતે ઘણો બળવાન છે. તેની પાસે વ્યક્તીગત ધોરણે ગણીએ તો વધારે ચડીયાતા મહારથીઓ છે અને વધારે સારાં શસ્ત્રો પણ છે. તેની પાસે લડાઇ જીતી શકે તેવો કોઇ સારો સેનાપતી નથી અને જેટલા છે તેમને સાચવી લેવા જેટલી કુમાશ અને સમજદારી પણ રાવણમાં દેખાતી નથી.

વળી લડાઇમાં તેનું ધ્યાન પણ કેન્દ્રીત થયું નથી. જીવ સટોસટની લડાઇ ચાલી રહી છે, ત્યારે તેનો જીવ તો સીતામાં ભરાયો છે. ગમે તે રીતે સીતા એક વખત પણ પોતાની પથારીમાં આવે તો રામ આપોઆપ પાછા ચાલ્યા જાય અને લડાઇ આપોઆપ સંકેલાઇ જાયે તેવી ગણતરી તેના મનમાં છે તે માણસ અને પરીસ્થીતીને પારખવાની તેની શક્તીશુન્યતાનો પુરાવો છે. રામના માટે આ યુદ્ધ કેવળ સીતાની પુનર્પ્રાપ્તી માટે લડાતું નથી, પણ પોતાના પરાક્રમને અને કુળને લાગેલા કલંકને ધોઇ કાઢવા માટે લડાય છે. તેથી સીતા રાવણની થઇ હોય (અને થઇ ગઇ છે તેવું રામે માની લીધું છે) છતાં લડાઇ બંધ કરવાનું કોઇ કારણ ઉભું થતું નથી. વળી ચોતરફ નીરાશાની કાળી ડીબાંગ રાત ઘેરાયેલી હતી તે વખતે સીતાએ તેને મચક આપી નથી, તે સીતા અત્યારે યુદ્ધ ચાલતું હોય અને આશાની લકીરો દેખાવા માંડી હોય ત્યારે તેના કબજામાં આવશે તે કલ્પના જ હાસ્યાસ્પદ છે, પણ રાવણને બીજું કશું સુઝતું નથી. સીતા માટેની તેની લાલસા એટલી પ્રબળ થઇ ઉઠી છે કે તે વખતોવખત ઝાવાં નાખ્યા કરે છે. રામનું કાપેલું માથું તેણે સીતાને બતાવ્યું અને હવે મરેલાને તું શું કરવાની તેવી દલીલ કરી. પણ તેનો આ દાવ પણ નીશ્ફળ ગયો. અને વાલ્મીકી કહે છે તેમ મોત વાંદરાનું રુપ લઇને લંકાને દરવાજે આવીને ઉભું.

## નથી સમજાતું

**– ખીમજી કચ્છી 'ઉઝરડો'**

કોને કહું વીવેક-વીજ્ઞાનની વાતુ,
નથી સાંભળતું કોઇ નથી સમજતું
જે કોઇને કહું એ સાચું ન માને,
'કંઇક તો છે !' એવી કરે છે વાતુ.... નથી સમજાતું.
આડંબરવાદી મારી વાતો ન માને,
ભ્રમમાં રહી કરે બ્રહ્માંડની વાતું... નથી સમજાતું
સુતેલાને જગાડીએ તો જાણે,
જાગેલા-ભણેલા કરે અજ્ઞાનની વાતું.... નથી સમજાતું
ટીવી, ટેલીફોન, મોબાઇલ, નેટ જાણે,
વહેમ-અંધશ્રદ્ધા, ચમત્કારોની કરે છે વાતું... નથી સમજાતું.
શ્રદ્ધાના નામે અંધશ્રદ્ધામાં માને,
નથી જોયા કે જાણ્યા એની કરે છે વાતું... નથી સમજાતું
દુઃખે છે પેટ ને કુટે છે માથું,
નથી સમજાતી પણ સાચી વીજ્ઞાનની વાતું... નથી સમજાતું
નથી પાંખો તેને વીજ્ઞાને ઉડાડ્યું,
ગાફેલ બનીને માનવ ગોથાં કાં ખાતું.... નથી સમજાતું.
લોભે-લાલચે, બીકે કરે મઝહબની વાતું,
ભલે પડે ઉઝરડા, કરીશ જગાડવાની વાતું... નથી સમજાતુ

('સત્યાન્વેશણ'માંથી સાભાર)

# હું આસ્તીક છું કે નાસ્તીક ? લ્યો, તમે જ નક્કી કરો...

– ભુપેન્દ્રસીંહ રાઓલ

**જો** હું મારી જાતને નાસ્તીક કહીશ, તો અમુક મીત્રો કહેશે કે ખોટી વાત છે. તમને તો તમારી જાતમાં ખુબ વીશ્વાસ છે-શ્રદ્ધા છે, માટે આસ્તીક કહેવાઓ. હવે આસ્તીક કહીશ, તો અમુક મીત્રો કહેશે ખોટી વાત છે. તમને ક્યાં ઇશ્વરમાં શ્રદ્ધા છે ? કે તમે ક્યાં નીસર્ગાતીત (સુપર્સ્ટીશન) વસ્તુઓમાં માનો છો ? એટલે તમે નાસ્તીક કહેવાઓ. હવે વીવેકાનંદ કહેતા કે જેને પોતાનામાં શ્રદ્ધા નથી તે નાસ્તીક કહેવાય. તો પછી હું આસ્તીક થયો કે નહીં ? ઘણા કહેશે કે ઇશ્વરમાં નથી માનતો તો નાસ્તીક કહેવાય અને માને તે આસ્તીક. હવે મને પોતાનામાં શ્રદ્ધા છે અને ઇશ્વરમાં નથી તો પછી મને શું કહેવો ? આસ્તીક અને નાસ્તીક બન્ને ? પ્રાચીન સમયમાં ભારતમાં જે વેદોને ના માને તે નાસ્તીક કહેવાતો. હવે વેદોમાં માનતા હોય; પણ સાંખ્યના કપીલ મુની જેવા ઇશ્વરમાં નહોતા માનતા; છતાં તે આસ્તીક કહેવાતા ! એટલે તે સમયમાં ઇશ્વરમાં માનો કે ના માનો તેનો કોઇ ફરક નહોતો પડતો. ખાલી વેદોમાં માનતા હોવા જોઇએ તે આસ્તીક કહેવાતા. વાંચનાર પણ ગોટે ચડી ગયા ને ?

આમ તો હું કોઇને કહેવા જતો નથી કે હું આસ્તીક છું કે નાસ્તીક છું; પણ આપણે અંધશ્રદ્ધામાં ના માનતા હોઇએ, એટલે તરત મીત્રોને લાગે કે આ તો નાસ્તીક છે ! એવા તો કેટલાય મીત્રો હશે કે જેઓ અમુક બાબતોમાં અંધશ્રદ્ધાળુ હોતા નથી; છતાં ઇશ્વરમાં માનતા હોય છે, પણ જનરલી તમે અંધવીશ્વાસુ ના હો, પુજાપાઠ વગેરેમાં માનતા ન હો, એટલે તરત મીત્રોને લાગશે કે આ તો નાસ્તીક છે ! થોડી બુદ્ધી કે તર્ક વડે વાત કરો તો પણ ભારતમાં તો લાગે કે આ નાસ્તીક છે. બુદ્ધી અને તર્ક વાપરવાં એ, અહીં તો ગાળ જેવું છે. ઘણા મીત્રોને એવું થતું હોય છે કે તમને કોઇ ફરીયાદ હશે, એટલે ઇશ્વરમાં નહીં માનતા હો. ઘણા તો તરત પુછી પણ લે કે, 'તમારી સાથે એવું શું બન્યું કે તમે નાસ્તીક (પ્રચલીત અર્થમાં) બની ગયા ? એ પુછનાર મીત્રના મોઢા પર તે સમયે એવા ભાવ હતા કે જાણે હું ઇશ્વરને અળખામણો હોઇશ, તેણે મને કોઇ ભુલની સજા કરી હશે અને તેઓ પોતે તો જાણે ઇશ્વરના વહાલા ! ત્યારે મને હસવું આવે અને કહેવાનું મન થાય કે ભાઇ કશું બન્યું નથી, માટે નથી માનતો.

એક સહૃદયી મીત્રે તો માની લીધું કે હું ફરીયાદ કરતાં કરતાં જ નાસ્તીક બની ગયો હોઇશ. એમાં એમનો વાંક નથી. કોની આગળ ફરીયાદ કરવાની ? કોઇ વ્યક્તી આગળ ફરીયાદ કરી શકો, 'સમસ્ત' આગળ કઇ રીતે ફરીયાદ કરી શકો ? સમસ્ત તો સમસ્તનું હોય, સર્વનું હોય ત્યાં ફરીયાદ કોની કરવાની? પણ તમે નાસ્તીક કેમ બની ગયા ? તેવું પુછનાર અમુક વ્યક્તીઓ, પોતે એક સ્ટેપ ઉંચા ઉભા હોય અને ભગવાનને ખુબ વહાલા હોય, તેવા ભાવ સાથે પુછતા હોય છે. સામેવાળો નાસ્તીક જાણે કોઇ હીન વ્યક્તી હોય, ગુનેગાર હોય, ભગવાનને હાથે સજા પામેલો હોય, માટે ફરીયાદ સ્વરુપે નાસ્તીક બન્યો હશે તેમ માનતા હોય છે. જોકે, ઘણા લોકો તે રીતે નાસ્તીક બન્યા પણ હોય છે. એમનું ધાર્યું ના થયું હોય કે ઘરમાં એવા દુઃખદ બનાવો બન્યા હોય તેમાં ઇશ્વર પ્રત્યેની આસ્થા ડગી હોય.

હવે ઇશ્વરમાં શ્રદ્ધા રાખવાથી પોતાનું કામ થઇ જાય છે, તેવું માનવાવાળા અને કામ નહીં થવાથી ઇશ્વરમાં નહીં માનનારા બન્નેની બ્રેઇન સર્કીટ સરખી જ કહેવાય. બન્નેની માનસીકતા સરખી જ કહેવાય. કારણ બન્નેના અચેતનમાં ઇશ્વર તો છે જ. એકનું કામ થાય છે અને બીજાનું નથી થતું. એટલે કામ તો કોઇ કરે છે. ભલે દેખાતો નથી; પણ કોઇ સુપ્રીમ પાવર (ભગવાન) છે જે વહાલાદવલાની નીતી અપનાવી રહ્યો છે, એટલે વહાલા હોય તે ભજે છે અને દવલા હોય તે ગાળો દેતા હોય છે.

એક ધનસુખભાઇ હતા. તે મંદીરમાં જતા અને મુર્તી આગળ અવળા ફરીને ઉભા રહેતા. મતલબ, અવળા ફરીને પણ ઉભા રહેવા, કારણરુપ કોઇ છે તો ખરું જ ! સામે કોઇ હોય જ નહીં, તો અવળા ફરી ઉભા રહેવાનો શો અર્થ ? અને આવા બોગસ નાસ્તીકોને લીધે જે જેન્યુઇન નાસ્તીકો છે તેમને લોકો ઓળખી શકતા નથી.

હવે બીમારી કોના ઘરે નથી આવતી ? દરેકના ઘરે કોઇને કોઇ સભ્યને જીવલેણ બીમારી તો આવતી જ હોય છે. હું અહીં ડાયાલીસીસ સેન્ટર ઉપર જાઉં છું - વાઇફને મુકવા. ત્યાં આખા સેન્ટરમાં મારાં વાઇફ એકલાં આવતાં હોય એવું નથી; આખું સેન્ટર ભરેલું હોય છે. દરેકના ઘરે સારા પ્રસંગો આવતા હોય; તેમ ખરાબ પણ આવતા જ હોય છે. આ તો જીવનના એક ભાગ રુપ છે. તો મારા ઘરે કોઇ બીમાર પડે, કોઇ મરી જાય કે ખરાબ

પ્રસંગ આવે તો એવું ભોગવનાર હું એકલો તો હોતો જ નથી ! દરેકના ઘરે આવું બનતું જ હોય છે, એમાં મારે ઇશ્વર હોય તો એને શું કામ દોશ દેવો ? જે કંઇ મારે ભોગવવાનું આવે, તેમાં મારા સમય, સંજોગો, વાતાવરણ, ખાનપાન, વારસાગત જીન્સ વગેરે વગેરે જવાબદાર હોય; એમાં ભગવાનનો શો દોશ ? મારી ભુલો હશે, તો જવાબદારી મારી હોય; માટે હું કદી ક્યાંય ફરીયાદ કરતો નથી. ફરીયાદ કરવાનું કોઇ કારણ જ હોતું નથી અને કરું તો કોની સામે કરું ? જે દેખાતો નથી એની સામે ? માટે મને ફરીયાદ કરવા કોઇ કારણ જડતું નથી; તેમ જ પ્રાર્થના કરવા માટે પણ કોઇ કારણ જડતું નથી, માટે હું કદી પ્રાર્થના પણ કરતો નથી કે મને ઉગારો કે બચાવો. અને હું પ્રાર્થના કરીશ તો કોઇ ફરક ક્યાં પડવાનો છે ? લાખો લોકો પ્રાર્થના કરતા જ હોય છે; છતાં બીમાર પડતા જ હોય છે અને મરતા પણ હોય જ છે ને !

પ્રાર્થના ક્યાં હોય ને ક્યારે હોય ? જ્યાં ફરીયાદ હોય ત્યાં પ્રાર્થના હોય અથવા ભવીશ્યમાં ફરીયાદ ના કરવી પડે તેના આયોજન રુપે પ્રાર્થના હોય. હવે મારે ન તો કોઇ ફરીયાદ કરવી હોય; ન તો પ્રાર્થના કરવી હોય, તો ઇશ્વરની શી જરુર ? ઘણાને પ્રાર્થનામાં પ્રચંડ શક્તી દેખાતી હોય છે. એ શક્તી તમારી પોતાની જ હોય છે; બીજે કશેથી આવતી નથી. કારણ તમને પ્રાર્થના રુપી 'પ્લેસીબો'ની આદત પડી ગઇ છે. પ્રાર્થના એક ડ્રગ જેવી છે; તેના વગર ટાંટીયા ચાલે નહીં. અફીણનો અમલ કરનારને અનુભવ હોય છે કે અમલ ઉતરી જાય ત્યારે એક ડગલું ચાલવાની શક્તી રહેતી નથી. થોડું અફીણ પેટમાં ગયું કે બાપુ મીલ્ખાસીંગ બની દોટ મુકવાના ! મહંમદ ગઝની બંદગી કરશે : 'હે અલ્લાહ, મને સોમનાથ પર જીત મેળવવાની શક્તી આપજે' અને હીન્દુઓ કહેશે : 'હે સોમનાથદાદા, ત્રીજું નેત્ર ખોલી યવનને ભસ્મ કરી દેજો.' હવે સમસ્ત (સુપ્રીમ પાવર) કોની પ્રાર્થના સાંભળશે ? કોઇની જ નહીં ને ! જેનામાં તાકાત હશે તે જીતશે ! એટલે જ નબળા, કાયર, કમજોર હીન્દુઓની પ્રાર્થના સાંભળવાને બદલે મહાદેવે પોતે ગઝનીના મહેલનાં ત્રણ પગથીયે ચણાઇ જવાનું પસંદ કર્યું.

ફરીયાદ રુપે કે મદદ માટે પ્રાર્થના કરો એનો મતલબ તમે કુદરતના નીયમોમાં દખલ કરો છો. તમે કુદરતના નીયમોમાં માનતા નથી, તેમાં તમને વીશ્વાસ નથી. કુદરતને એના નીયમો તોડવા માટે વીનંતી કરો છો. કુદરત એના નીયમો ફક્ત તમારા માટે તોડે, એના માટે વીનંતી અને પ્રસાદ રુપે લાંચ પણ આપો છો. તમારું કામ થાય છે તે કુદરતના નીયમને આધીન થતું હોય છે; પણ તમને લાગે છે તમારી પ્રાર્થના સંભળાઇ અને કામ નથી થતું ત્યારે પણ કુદરતના નીયમ આધીન નથી થતું. લાખો લોકો એક્સીડન્ટમાં બચી જતા હોય છે; તેમ લાખો લોકો મરી પણ જતા હોય છે. હવે જે મરી જતા હશે, તે શું પ્રાર્થના નહીં કરતા હોય ?

કેદારનાથ ભગવાનને મળવા ગયેલા હજારો મરી ગયા અને હજારો સમયસર મદદ મળતાં બચી પણ ગયા. બચી ગયેલાને ભગવાને બચાવ્યા, તો મરી ગયા તેમને ભગવાને જ મારી નાખ્યા એમ ને ? કુદરત કુદરતનું કામ કરે છે તેના માટે પ્રાર્થના કરનાર અને નહીં કરનાર બન્ને સરખા જ છે. બચાવે તો ભગવાનની કૃપા અને ના બચાવે તો નસીબ અને કર્મનો દોશ ! સગવડીયાં બહાનાં શોધવામાં આપણે માહેર છીએ. ભગવાનમાં માનવું બહુ સરળ છે, સહેલું છે, એમાં કોઇ બુદ્ધીની હીંમતની જરુર નથી હોતી. પણ ભગવાનમાં માન્યા વગર જીવવું એમાં દીલ અને દીમાગની ઠંડી તાકાત જોઇએ. ભગવાનમાં માનીને જીવનાર માટે ભગવાન એક બહુ મોટો સહારો છે. એવા સહારા વગર જીવવા માટે દૃઢ મનોબળ જોઇએ; કારણ જે પણ કરીએ એ ભોગવીએ તેની તમામ જવાબદારી જાતે ઉઠાવવાની હોય છે. કહેવાતા આસ્તીકોની જેમ બધું ભગવાનને માથે, નસીબને માથે, પુર્વજન્મને માથે થોપવાનું હોતું નથી.

# લોર્ડ ભીખુ પારેખને જીવનમાં ઇશ્વરની કોઇ જરુર જણાતી નથી !

**પ્ર. :** ઇશ્વરમાં માનો છો ?

**ઉ. :** એ બહુ મોટો સવાલ છે. પહેલું તો ઇશ્વર શું છે એ વ્યાખ્યા આપણે કરવી પડે. એક વ્યક્તી તરીકે ઇશ્વરને જોઇએ તો હું એમાં માનતો નથી. એક શક્તી તરીકે ઇશ્વરને જોઇએ તો એ શક્તી કેવી છે ? શું છે ? એ વીશે આ સવાલનો જવાબ આપતાં પહેલાં મારે વધારેમાં વધારે જાણવું પડે એટલે હું માનું છું કે આ પ્રશ્નના જવાબ સામાન્ય રીતે ન આપી શકાય. માટે ગૌતમ બુદ્ધની માફક હું પણ કહું કે મારા જીવનમાં એ સવાલનો જવાબ આપવો જરુરી નથી, માટે એને કૌંસમાં મુકી દો. મારું જીવન મારે સૈદ્ધાન્તીક રીતે જીવવું છે, એટલું પુરતું છે.

**('સત્યાન્વેશણ'માંથી 'નવનીત સમર્પણ'માંથી સાભાર)**

# Euthanasia : સ્વેચ્છા મૃત્યુ

- બી. એ. પરીખ

વર્તમાન સમયમાં દેશના જુદાજુદા વીભાગો અને મંડળોમાં સ્વેચ્છા મૃત્યુ Euthanasia વીશે વીવાદ ચર્ચા ઉપડી છે. Euthanasia મુળ ગ્રીક લેટીન શબ્દમાં Eu એટલે Good, સરળ, શુભ, Thanatas એટલે મૃત્યુએશણા, આમ Euthanasiaનો અર્થ થાય : Good Death, શુભ ગૌરવપ્રદ મૃત્યુ.

આ Euthanasia નાં બે પાસાં છે. એક કે વ્યક્તી પોતે પુરી સમજણ અને વીવેકબુદ્ધીથી નક્કી કરે કે આજે આ સંજોગોમાં મારે મારે કશ્ટમય જીવનને લંબાવવું નથી.

ઘણા ઉદારમતવાદ, માનવવાદી વલણ ધરાવતા લોકો આ સ્વેચ્છા-મૃત્યુની તરફેણ કરે છે. જ્યારે બીજા ઘણા લોકો જુદા જુદા કારણોસર આવી પ્રથા, જીવનનો અંત લાવવાની રીતની ટીકા કરીને પોતાની અસંમતી દર્શાવે છે.

આમ તો Euthanasiaનો આજના સંદર્ભનો ખ્યાલ સત્તરમી સદીમાં યુરોપમાં ચર્ચામાં આવ્યો અને યુરોપના કેટલાક દેશો સ્વીટ્ઝરલૅન્ડ, બેલ્જીયમ (૨૦૦૨) નેધરલૅન્ડ (૨૦૦૧), સકસેમબર્ગ, આલ્બેનીયામાં તેમ જ અમેરીકામાં ઓરેગાંવ, મોન્ટાના, વૉશીંગ્ટન રાજ્યોમાં કાયદેસર કાનુની રીતે સ્વીકૃતી આપવામાં આવી છે.

ઘણા દેશો, ધાર્મીક સંપ્રદાયો તેમ જ વીભાગોમાં Euthanasia વીશે ઘણા વાંધા ઉઠાવી તેનો અસ્વીકાર કરવામાં આવે છે. છતાં ઇતીહાસ તપાસીએ તો પણ સ્વેચ્છા મૃત્યુનો ખ્યાલ કંઇ આજનો અત્યંત આધુનીક નથી.

સ્વેચ્છા મૃત્યુ સ્વેચ્છાએ દેહત્યાગની પ્રથા એક સંદર્ભે હીન્દુ ધર્મમાં 'આપઘાત' મનાય છે. કોઇ પણ વ્યક્તીનું જીવન કર્મબંધન તેમ જ જન્મ પુનર્જન્મના ફેરા સાથે સંકળાયેલું છે. એનો અંત માણસ પોતે જાતે લાવે એ નીંદાને પાત્ર છે. સંન્યાસીઓને સ્વેચ્છામૃત્યુનો અધીકાર અપાયો છે. અમુક સંજોગોમાં અમુક વ્યક્તીઓને પ્રામોપસેવા એટલે મૃત્યુપર્યંત અન્નજળના ત્યાગની પ્રથાને પણ સ્વીકૃતી અપાઇ છે. શ્રી મોટા તેમ જ વીનોબા ભાવેના દૃશ્ટાંતો વર્તમાન સમયનાં ઉદાહરણો છે.

જૈન ધર્મમાં સંથારાની પ્રથા અતી ધાર્મીક, પુણ્યશાળી અને પવીત્ર મનાય છે. ઇસ્લામમાં તો સ્વેચ્છા મૃત્યુનો સદંતર અસ્વીકાર છે. કેથોલીક ધર્મમાં સ્વેચ્છા મૃત્યુનો ઇશ્વર સામે અપરાધ, Crime against God તરીકે નકાર છે.

Euthanasia એટલે સ્વેચ્છાએ પોતાના જીવનનો અંત લાવવાનો નીર્ણય કરવો. દા.ત. કોઇ એક વ્યક્તીને એવી ગંભીર માંદગી કે ઇજા થઇ હોય જેમાંથી એને પુનઃ સ્વાસ્થ્ય પ્રાપ્ત કરવાનો કોઇ અવકાશ જ ન હોય એવો તબીબી અભીપ્રાય હોય અને એ વ્યક્તી પોતે ભાનમાં હોય ત્યારે પોતે જ નીર્ણય કરે કે હવે મને શા માટે આ રોગીશ્ટ દશામાં પરાવલંબનમાં વધારે જીવાડો છો ? મારે સ્વેચ્છાએ દેહત્યાગ કરવો છે.

આ પ્રકારના જીવનઅંતને સક્રીય સ્વેચ્છા મૃત્યુ (Active Euthanasia) અથવા તબીબી સહાયથી મૃત્યુ (Physician assisted death) એમ કહે છે.

આવી રીતે સક્રીય સ્વેચ્છા મૃત્યુમાં ત્વરીત જીવનઅંત લાવવા તબીબ દર્દીને ઝેરનું ઇન્જેક્શન આપવામાં આવે છે. જીવનક્રીયાઓ ચાલુ રાખવા જે તબીબી ઉપકરણો લગાવ્યાં હોય તે ઉઠાવી લેવામાં આવે. અને મૃત્યુ નીપજે તેને Passive euthanasia કહેવાય છે. અહીં જ પ્રશ્ન એ કરવામાં આવે છે કે દર્દી કે ડૉક્ટરનો જીવનનો અંત લાવવા માટે ગમે તેટલો ઉમદા હેતુ હોય છતાં ખરેખર કુદરતી રીતે મરણ આવે તે પહેલાં મૃત્યુ નોતરવું. એ 'આપઘાત' અને તબીબનું કૃત્ય 'આપઘાતમાં મદદ' કહેવાય જે ધર્મવીરોધી તેમ જ ગુનાહીત છે.

સ્વેચ્છા-કરુણા મૃત્યુને સ્વીકૃતી શા માટે ?

(૧) માત્ર ધાર્મીક રુઢીગત માન્યતાઓ તેમજ અંગત લાગણીઓને કારણે દરદીને પીડાદાયક, દયનીય જીવનમાં જીવવા દેવો એ માનવીય, માનવતાવાદી વલણ નથી.

(૨) દરદી પોતે ભાનમાં હોય એ રોગમુક્તી, વેદનામુક્તી માટે નીર્ણય કરવાની જવાબદારી સમજતો હોય તો તેના નીર્ણયને માન આપવું જોઇએ.

(૩) માણસ પીડામાં પરાવલંબી, દયામણું જીવન જીવે તેના કરતાં પોતે શા માટે 'Death with dignity' ન સ્વીકારે ?

(૪) વળી દરદીની પોતાની દૃઢ માન્યતા, ઇચ્છા હોય કે હવે મારે આગળ તબીબી સારવાર નથી લેવી. મારે કીડની, લીવર કે હૃદયની શસ્ત્રક્રીયા નથી કરાવવી તો પોતાને સારવાર ન લેવાનો, ના પાડવાનો પણ અધીકાર હોવો જોઇએ. ડૉક્ટર દરદીને સારવાર લેવા માટે દબાણ–ફરજ પાડી શકે નહીં. એવું કેટલાક તબીબો પણ માને છે.

(૫) વળી દરદીના દર્દમાં સુધારાને અવકાશ જ ન હોય. મૃત્યુની રાહ જોવાતી હોય ત્યારે જીવનને ખેંચી બીનજરુરી ખર્ચના ખાડામાં ઉતરવું, પાયમાલ થવું એ ડહાપણ નથી. કોઇ પણ રીતે ન જીવી જનારા દરદીની સારવારમાં ગજા બહારનો ખર્ચ કરી નાદાર થઇ જવું

અને પાછળ જીવતા રહેનાર લોકોને ગરીબીમાં ધકેલવામાં આવે એ ડહાપણ નથી.

(૬) સ્વેચ્છા મૃત્યુ એ માનવવાદી, ઉદારમતવાદી, રેશનલ Death with dignity છે. ક્યારે જન્મ થવો એ માણસની પોતાની ઇચ્છા કે અધીકારના વર્તુળમાં આવતું નથી, પરંતુ ક્યારે મરવું, ક્યાં મરવું, કયા સાધનથી, કયા સ્થળે, કેવી રીતે મરવું એ માણસને પોતાને નક્કી કરવાનો અધીકાર છે. અલબત્ત, આ અધીકારમાં 'આપઘાત'નો સમાવેશ ન કરીએ, કારણ આપઘાત એ આવેશ હેઠળનું કૃત્ય છે. આપઘાતમાં કાયરતા, સામનો કરવાની હીંમતનો અભાવ, હતાશા-નીરાશા છે. ઘણીવાર આપઘાતની પળમાં જો કોઇ પણ રીતે માણસ ટકી જાય તો પછી આપઘાત કરવાનો વીચાર કરવા બદલ એને પસ્તાવો પણ થાય છે. સ્વેચ્છા મૃત્યુ એ આપઘાત નથી !

આજની પરીસ્થીતી : આજે ધીમે ધીમે આપણા દેશમાં લોકમત સ્વેચ્છા મૃત્યુ પીડારહીત- પીડામુક્ત મૃત્યુ, ગૌરવસહ મૃત્યુની તરફેણમાં ઢળતો જાય છે. કેટલાંક તબીબી મંડળો પોતાને અચુક સારવાર નથી લેવી એવા દરદીના નીર્ણયના અધીકારનો સ્વીકાર કરે છે અને દરદીના આ અધીકારને માન અપાય છે.

વળી તબીબી ઉપચારનું ધ્યેય તો જીવનને વધારે સ્વસ્થ ગુણવત્તાવાળું બનાવવાનું છે, તો સ્વેચ્છા મૃત્યુ એજ વીવેકયુક્ત નીર્ણય છે.

આજે કેટલાક ધાર્મીક, નૈતીક અવરોધોને કારણે સ્વેચ્છામૃત્યુને કાનુની ટેકો, સંમતી નથી, છતાં અંગત રાહે તબીબની સહાયથી ઇચ્છામૃત્યુના ઘણા કીસ્સાઓ બને છે. ઘણીવાર કુટુંબીજનો તેમજ તબીબો પણ બેભાન દરદીનાં તબીબી ઉપકરણો હટાવી લેવાની સલાહ આપે છે, અને તે પ્રમાણે થાય છે. જેમાં કાનુનને વચમાં લાવવામાં આવતો નથી.

# સ્વેચ્છા-મૃત્યુનો અબાધીત આજન્મ અધીકાર

## ભૌતીકચંદ્ર ભુતનાથની કરુણ કહાણી

**– ધનસુખ ઢીમર**

**ભૌ**તીકચંદ્રે આ ધરતીનો ચહેરો આમુલ ફેરવી નાખવા માટે જ જાણે (આ ધરતી પર) સંસારમાં જન્મ લીધો હતો. એકવાર એમણે એવી ઝુંબેશ ઉપાડેલી કે આ પૃથ્વીની સમગ્ર જમીનમાં સહકારી ખેતી થવી જોઇએ. કારણકે આ પૃથ્વી ગ્રહ હવે નાનો પડે છે. મંગળ ખાતે વસતીની ફેરબદલીની પણ એમની યોજના હતી, ત્યાં એમની નજરમાં એક નવો વીશય આવ્યો જે વાસ્તવીક અને તાકીદનો ગણાય. એ છે સ્વેચ્છા મૃત્યનો અબાધીત અધીકાર, મતલબ કે માણસને જીવવાનો જેવો અધીકાર છે, એવો જ અધીકાર સ્વેચ્છાએ મરવાનો હોવો જોઇએ. લોકો કહે છે કે આ યોજનાની પ્રેરણા તેઓએ રજનીશજી પાસેથી લીધેલી છે, પરંતુ ભૌતીકચંદ્રનો એવો દાવો હતો કે આ સંસારની તમામ ક્રાંતીકારી યોજનાઓની મુળ શોધ તેઓએ કરેલી.

તદ્નુસાર સર્વપ્રથમ તો ભૌતકચંદ્રે પોતાના સ્વેચ્છામૃત્યુની જાહેરાત કરી. એમણે જણાવ્યું કે પથારીમાં કાગડા-કુતરાની જેમ રીબાઇ રીબાઇને મરવા હું માગતો નથી. હું માણસ છું અને માણસ તરીકે જેમ જીવવા ઇચ્છુ છું એજ રીતે માણસ તરીકે જ ગૌરવથી મરવા કટીબદ્ધ છું. મને ઇચ્છા થાય ત્યારે માણસ તરીકે સ્વેચ્છાએ મરવાનો અધીકાર કુદરતે જ આપેલો છે, એમાં માનવીની દખલગીરી હું સ્વીકારતો નથી. તેમણે ભાશણો કર્યાં, લેખો લખ્યા, ગૌરવપુર્ણ મૃત્યુ વીશે એક દળદાર પુસ્તક પણ તેઓએ લખ્યું. છતાં કરુણતા એ રહી કે એમને અનુયાયીઓ બહુ જ ઓછા મળ્યા ! જોકે એવા અનુભવથી ડગી જાય એવી કાચી માટીના ભુતનાથ ન હતા. તેમણે પોતાની યોજના દુનીયાભરમાં ફેલાવવા માટેનું તંત્ર પણ રચી કાઢ્યું. સર્વપ્રથમ નીર્ણય પોતાની જાત માટે જ કરવાનો હોય, એવા સીદ્ધાન્તમાં માનનારા ભૌતીકચંદ્રે સર્વપ્રથમ તો પોતાના મૃત્યુ માટે યથેચ્છ સગવડો કરી લીધી તે પ્રમાણે ઝેર પણ ખરીદ્યું અને પોતાના મૃત્યુદાયક સંગ્રહમાં સામેલ કરી દીધું અને પછી મુસ્તાક બની ફરતા રહ્યા કે હું કાગડા-કુતરાની જેમ નહીં, પરંતુ એક માનવને શોભે એવા ગૌરવથી જ જીવનનો અંત લાવવા માગું છું અને તેમ જ કરીશ.

આ બાબતમાં સૌથી મોટી લડાઇ ભુતનાથે કરવાની આવી કારણકે સરકારી તંત્રમાં આપઘાત વીરોધી કાયદો અમલમાં હતો. આ દુનીયામાં એ એક જ અપરાધ એવો છે કે જો તમે સફળ થાઓ તો તંત્ર લાચાર અને તમે જીત્યા. જ્યારે નીશ્ફળ જાઓ તો તમારા પર કામ ચલાવાય અને સજા પણ થાય. આ તે કેવો મુર્ખ કાયદો ! એમ જાહેર કરતાં ભૌતીકચંદ્રજી ખડખડાટ હસતા. પરંતુ અમુક વયે પહોંચ્યા પછી તેઓની કસોટી શરુ થઇ જેને 'કાતીલ ઝેર' કહેવાય એવો કોઇ પદાર્થ બજારમાં સહેલાઇથી મળતો નથી. બધે જ પ્રતીબંધો જ પ્રતીબંધો ! ભૌતીકચંદ્રને પહેલીવાર આ દુનીયાની કઠોર વાસ્તવીકતાનો

અનુભવ થયો. પણ હીંમત હારે એવા નબળા મનના તેઓ નહોતા. ઝેરની ડબ્બી લઇને તેઓ એક ડૉક્ટરમીત્ર પાસે ગયા. ડૉક્ટરે ખડખડાટ હસતાં કહ્યું કે ભલા ભાઇ ! આવા ઝેરથી મૃત્યુ ન આવે. તમે રીબાશો અને અસહ્ય દુ:ખ થતાં હૉસ્પીટલમાં જવા મજબુર બનશો, અને સાજા થશો એટલે ઉપરથી તમને ગુનેગાર ઠરાવી સરકાર કામ ચલાવશે અને ભારે સજા પણ થાય... સ્વીટ્ઝરલૅન્ડમાં દાયકાઓથી સ્વેચ્છામૃત્યુની સંપુર્ણ છુટ અપાતી સત્તાવાર વ્યવસ્થા માન્ય છે, તો શું એથી એ દેશ આપણા કરતાં કઇ રીતે નીચો પડી ગયો ? બલકે, એ તો દરેક બાબતમાં ભારતીય સમાજ કરતાં ચઢીયાતો છે, એ જગજાહેર હકીકત છે.... ભુતનાથ થોડાક નીરાશ થયા, પરંતુ ઝુંબેશ ચાલુ રાખી તો એમને આઘાત પમાડે એવું સત્ય જાણવા મળ્યું કે આ દુનીયાના બજારમાં અસરકારક ઝેર મળવું અતી મુશ્કેલ છે. સમય જતો ગયો તેમ તેમ ભુતનાથની નીરાશા અને ચીંતા વધતી ગઇ કારણકે દરેક પદાર્થ બાબતમાં કંઇક ને કંઇક વાંધો નીકળાતો કાઢતા અને સો ટકા સફળતાની ખાતરી કોઇ આપતું નહીં, વળી, ધારેલા કરતાં અનેક વાંધા તથા મુશ્કેલીઓ ભુતનાથને દૃશ્ટીગોચર થવા લાગી અને શરીર તો એના કાળક્રમ પ્રમાણે નબળું પડતું જતું હતું. ગમે તેટલી પ્રગતીશીલ વ્યક્તી પણ આ બાબતમાં છાતી ઠોકીને મદદ કરવા આગળ આવતી નહીં. દરેક મીત્ર ખરી-ખોટી ફીલોસોફીભરી સલાહ ફટકારતાં જીવનમાં પહેલીવાર ભુતનાથ નીરાશ થયા. ઘોર નીરાશાથી તેઓ વૃદ્ધાવસ્થાનો સામનો કરી રહ્યા હતા. ત્યાં ઘડપણના રોગોએ હુમલા શરુ કર્યા. અંતે ભૌતીકચંદ્ર નીરાશ થયા અને પથારીવશ પણ થયા. કોઇ ઇલાજ રહ્યો નહીં. આખી જીંદગીની આશાભરી ક્રાંતીકારી યોજનાઓનો જાણે વીંટો વળી ગયો ! હવે તેઓ પુછે છે કે ''કેવી મુર્ખ છે આ દુનીયા ?'' સાદાસીધાં સત્યો અહીં પ્રતીબંધીત છે, જ્યારે મુર્ખ કાનુનોની જડબેસલાક બોલબાલા છે. આ દુનીયાને સુધારવા કરતાં એમાંથી વેળાસર છુટી જવું એજ એકમાત્ર ઇલાજ છે. આવશે કે કોઇ મદદે ? રખે કોઇ એમ માની લે કે ભુતનાથનો આ સંદેશો નીરાશાવાદી છે ? ના. ના. આ તો માનવજીવનનાં મુર્ખતા તથા પછાતપણા સામેની તીવ્ર નફરત માત્ર છે.

## બાપુ ગયા... ૩૦મી જાન્યુઆરી, ૨૦૧૫ : ૬૭મી ગાંધી પુણ્યતીથી



જન્મજયંતી (૨જી ઑક્ટોબર) અને નીવાર્ણ દીન (૩૦મી જાન્યુઆરી)... વર્શમાં ગાંધીજીને યાદ કરવાના બે ખાસ દીવસો. ૩૦મી જાન્યુઆરી, ૧૯૪૮ (શુક્રવાર)ના ગોડસેની ગોળીથી રાશ્ટ્રપીતા શહીદ થયા. તેના દસ-બાર દીવસોમાં ભાવનગરના ગાંધીવાદી અમરચંદભાઇ શાહે મહાત્માજીને અંજલી આપતું સુંદર કાવ્ય રચ્યું, જે રાજકોટના 'જૈન પ્રચાર' સાપ્તાહીકના ૨૭-૨-૧૯૪૮ના અંકમાં છપાયું હતું. અંજાર (કચ્છ)ના લેખક ભરતભાઇ ઠાકરના સાહીત્યસંગ્રહમાં સચવાયેલું તે હૃદયસ્પર્શી અંજલીગીત અત્રે આ વીશ્વમાનવના શહીદી દીન નીમીત્તે એક જુના સંભારણા રુપે રજુ કર્યું છે...

બાપુ ગયા આજ અમારા, રહ્યા નહીં કોઇ સહારા;
ઘનઘોર વ્યાપ્યાં અંધારાં, અસ્ત થતાં સુર્ય સીતારા-૧

આજ રડે ભારત લોક, ઘેર ઘેર વ્યાપ્યો છે શોક;
માતાએ ગુમાવ્યો નોક, રડી રડીને મુકી પોક - ૨

આંધી તણી ઘેરી છાયા, ભસ્મ થઇ બાપુની કાયા;
હત્યારા ! ઓ માડી જાયા, જરાય ન શરમાયા - ૩

આઝાદીનું નાવ ચલાવી, સલામત કીનારે લાવી;
કાયા દેશ કાજે તાવી, ભારતનું ઘડ્યું ભાવી - ૪

વાણીયા તેં રાજ લીધું, ચકીત તેં જગતને કીધું;
અહીંસાનું શસ્ત્ર દીધું, સત્ય પ્રેમામૃત પીધુ - ૫

માનવતાનો તું પ્રેમપુજારી, યોગી ખરો તું ચમત્કારી;
દેશની ઇજ્જત વધારી, વીશ્વ તણી શાંતી વીચારી - ૬

ભારતની ભવ્ય વીભુતી, જડે નહીં જગમાં ગોતી;
સમદૃશ્ટી રાખીને જોતી, પ્રકાશની જાણે જ્યોતી - ૭

અસ્ત થયો સંત-સીતારો, જાણે ખર્યો ધ્રુવનો તારો;
કરોડોને પ્રકાશનારો, કરોડોના પ્રાણનો પ્યારો - ૮

સ્વીકારજો બાપુ અમારા, નયનનાં નીરની ધારા;
નાવડીને લાવ્યા કીનારા, રુણી છે સંતાન તમારાં - ૯

વંદન હો ! ભારત સંત !, પ્રગટાવી આત્મ વસંત;
'અમર' થયા, દીગ્દીગંત, જય જય જગ કરંત - ૧૦

**રચના : અમરચંદ માવજી શાહ, પ્રેશક : ભરત 'કુમાર' પ્રા. ઠાકર**

## જીવન-વીવેક (રેશનલ ગીત)

**- ડૉ. ગણેશ ખૈરે (વ્યારા)**

આ દુનીયામાં જીવવું હોય તો સાંભળો મારી વાત - (૨)
મન મુકીને મનાવો રંગરેલી...
ના કોઇની તમે વાત સાંભળો ઘેલી... (ધ્રુ)

ધર્મને ને બખડજંતર, ચાલે તંતર-મંતર;
ભગત-ભુવા સૌ સુખમાં મ્હાલે, લોકોને ગાલે થપ્પડ.
વીજ્ઞાને સૌ ભાંડા ફોડ્યા, ભાગે સૌ કલંદર
આવો મારી દુનીયામાં જીવવું.... (૨)
મન મુકીને મનાવો... (૧)

ધર્મ-મોક્ષની માયામાં આ માનવ સૌ અટવાતા;
સ્વર્ગ-નર્કની લાલચમાં તો માનવ સૌ લુંટાતા.
જુઠાણાંથી ભરેલી વાતો શાને ના સમજાયે ?
આવો મારી મહેફીલમાં તો આ વાતો સમજાવું
આ દુનીયામાં ટકવું હોય તો... (૨)

અંધશ્રદ્ધાના અંધકારમાં સૌ ચઢ્યા ગુમરાહે;
બુદ્ધી-વીવેકનાં અજવાળાં તો, સાચો રાહ બતાવે.
રાહબર સાચા બની જન-જનને સુખી કરીએ
આવો મારી મહેફીલમાં તો આ વાતો સમજાવું
આ દુનીયામાં ટકવું હોય તો... (૨)... (૩)

સાચું જીવવું એનું છે જે હસતાં-ગાતાં જીવે
દુઃખોની ઘનઘોર ઘટામાં સુખનાં સાગર પીવે.
જીવન-વીવેકની વાતો તો, તમને પણ સમજાયે
આવો મારી મહેફીલમાં તો આ વાતો સમજાવું
આ દુનીયામાં ટકવું હોય તો... (૨)... (૪)

હું અલબેલો માનવવાદી, સમજુ ને સમજાવું;
જન-જીવનમાં સત્ય જગાવું, ખુશીઓને વરસાવું.
દુનીયાવાળા તમેય જાણો જીવનનાં આ મુલ્યો
આવો મારી મહેફીલમાં તો આ વાતો સમજાવું
આ દુનીયામાં ટકવું હોય તો... (૨).. (૫)

(રાગ : ફીલ્મ ‘ગુમનામ’નું ગીત ‘ઇસ દુનીયામેં જીના હો તો સુનલો મેરી બાત’)

---

### રેશનાલીસ્ટ કર્મશીલ નરેન્દ્ર દાભોલકરને સ્મરણાંજલી

## દીવડા

**- પ્રવીણ ગઢવી**

**સ**ત્યના સુર્યે સોંપ્યો છે
અમ દીવડાઓને
અંધકારમાં પ્રકાશનો ભાર
અમે આવે ગમે તેટલાં વાવાઝોડાં
તોય હોલાવવાના નથી
અમને તમારા
પરમકૃપાળુ પરમાત્મા કે
નીતીધર્મ સામે કોઇ વેર-વીરોધ નથી
અમને વેર છે
ઇશ્વરના એજન્ટો સામે, પ.પુ.ધ.ધુ. સામે
બાવાઓ સામે, ગુરુઓ સામે, તાંત્રીકો સામે,
ધર્મના નામે ઠગતા ઠગો, ધુતારાઓ સામે,
ધતીંગો સામે, ભુવાઓ સામે, ભુતપુત સામે અમને
વીરોધ છે
ક્રીયાકાંડો સામે, યજ્ઞો સામે, અંધશ્રદ્ધા સામે,
અમને વીરોધ છે
યુદ્ધો સામે, નાત-જાતના વાડા સામે,
છુતાછુત સામે
અમને વીરોધ છે
ધર્મની કત્લેઆમ સામે
ભુખમરા અને દરીદ્રતા સામે
અમારે વાવવાં છે વીશ્વમાં
શાંતી અને સમાનતાનાં વૃક્ષ
અમારે રચવું છે આનંદલોક
આ જ સુંદર ધરા પર
જ્યાં હોય સર્વસુખી સમાનને બૌદ્ધીક
આ અંધકાર દુર થશે જ
સત્યના સુર્યે ઉગવાનું આપ્યું છે વચન
તેનો ઉદય ન થાય
ત્યાં લગી
અમે દીવડાઓ ઝગતા જ રહીશું
હજારોની સંખ્યામાં
કદી ઓલવાઇશું નહીં.

**- પ્રવીણ ગઢવી (‘માનવવાદ’માંથી સાભાર)**

# કુંડલીની જાગ્રત થઇ, બંધ આંખે નોટનો નંબર કહી બતાવે !!!

## સત્ય ઘટના. ચમત્કારનો પર્દાફાશ. ચમત્કારોથી ચેતો. લોકજાગૃતી-શૈક્ષણીક

## - ચતુર ચૌહાણ-જાદુગર

**ઘ**ટના ઘટી તા. ૭-૧૧-૨૦૧૪ના બપોરે બે વાગ્યે. હોન્ડા સિટી ગાડી મારા બંગલાના દરવાજે ઉભી રહી. તેમાંથી બે વ્યક્તી બહાર આવી. ઓળખ આપી. તેઓ બાપ-દીકરો હતા. દીકરો નવ વર્શનો. નામ જયસીંહ રાજપુત. બીજા ભરતસીંહજી બાપુ (મો. નં. ૯૦૩૩૭૭૭૦૦૦) ઉંમર ચાલીસેક વર્શ. બગોદરા પાસેનું હડાળા તેમનું ગામ. મુળ વાત પર આવતાં ભરતસીંહજી બોલ્યા કે અમદાવાદના ચાંદખેડા શીવશક્તી બસ અડ્ડા પર 'ચમત્કાર કહી બતાવો, અને પાંચ લાખ રુપીયા ઇનામ જીતો.' બોર્ડ તમારું છે ? હું મારા મોબાઇલમાં ફોટો પાડી લાવ્યો છું. મેં હા પાડી. ફોટો જોયો. તેમનું ઓળખપત્ર બતાવ્યું. તેઓ કારડીયા રાજપુત સમાજના પ્રમુખ હતા.

વાતવાતમાં જાણવા મળ્યું કે તેઓ એક અઘોરી બાપુના સંપર્કમાં આવ્યા. અઘોરી બાપુએ દીકરા જયસીંહનાં ખુબ વખાણ કર્યાં. પતાંજલી રુશીના કુંડલીની યોગથી આંતરચક્ષુ ખુલે છે અને કપાળ મધ્યે ત્રીજું લોચન પણ ખુલે છે. જેથી રીદ્ધી-સીદ્ધી-સમૃદ્ધી મળે છે. બંધ આંખે પાટા બાંધીને પણ બધું જોઇ શકાય. ચમત્કાર જ ચમત્કાર થાય !! અઘોરી બાપુએ એક કાળા રંગનો પાટો લીધો. આંખે બાંધ્યો અને ચમત્કાર થયો. નોટ અને નંબર સાચેસાચો બતાવ્યો. અમે બાપ-દીકરો ભારે પ્રભાવીત થયા. દીકરો કહે, ''મારે આ વીદ્યા શીખવી છે. શીખવાડશો ? શું ખર્ચ થાય ? શીખતાં કેટલો સમય લાગે ?''

અઘોરી બાપુ કહે, ''તારા જેવા દશેક વીદ્યાર્થી તાલીમ લેવા તૈયાર કર. હું તૈયાર છું. સાત દીવસનો સમય પુરતો છે. તાલીમ હું મફત આપું છું. પાઇ-પૈસો લેતો નથી. પણ હા... વીધી કરવા વસ્તુઓની જરુર પડે છે. ત્રીઅક્ષી રુદ્રાક્ષ રુશીકેશ સીવાય ક્યાંય મળે નહીં !! તમારે જરુરી વસ્તુ ખરીદવા, દરેકે રુપીયા પંદર-પંદર હજાર આપવાના.'' અમે આપ્યા. દીકરો પરીક્ષામાં પાસ પણ થઇ ગયો. અમે પરીક્ષા કરી . ચતુરભાઇ તમે પણ પરીક્ષા કરો. ઇનામ દીકરાને આપો. મારે ગાડી-વાડી છે, પરંતુ પાંચ લાખ રુપીયા જીતી ગૌશાળા અને અંધશાળામાં દાન કરવું છે.

મેં ભરતસીંહજીને કહ્યું કે આજે સાંજે ઉપરદલ-નળ સરોવર પાસેના ગામે સાણંદની આર્ટ્સ-કૉમર્સ કૉલેજના રાશ્ટ્રીય સેવા યોજનાના કાર્યક્રમમાં મારે ચમત્કારનો પર્દાફાશ-વૈજ્ઞાનીક પ્રયોગ નીદર્શન કરી, ગામ તથા કૉલેજના વીદ્યાર્થીઓને મફત ચમત્કારો શીખવાડવાનો છું. આ પ્રસંગે કૉલેજના મુખ્ય આચાર્યસાહેબ, આર. બી. પટેલ સાહેબ તથા રાશ્ટ્રીય સેવા યોજનાના પ્રોગ્રામ ઑફીસર ચૌહાણસાહેબ (મો. નં. ૯૯૭૯૪૯૯૩૫૮) હાજર હશે. જો તમે ત્યાં મારી સામે આવો તો ગામ-સરપંચ, શીક્ષકો-વીદ્યાર્થી ભાઇ-બહેનો સમક્ષ તમારા દીકરાની સીદ્ધી-સાધનાનો સૌને લાભ મળે. હું ઇનામનો ચેક સાથે લઉં છું. ત્યાં ઇનામ-સન્માન અપાશે.

બાપ-બેટો તૈયાર થઇ ગયા. ઉપરદલ ગામે અમારું સ્વાગત કર્યું. ચમત્કાર જોવા-શીખવા વીદ્યાર્થીઓ અને ખાસ કરીને ગામના યુવાનો સભામાં સૌ હાજર થઇ ગયા. જયસીંહ હાજર હો... જાહેરાત થઇ. જયસીંહે મંડપમાં પ્રવેશ કર્યો, બાપ-બેટો પદ્માસન વાળી બેસી ગયા. જયસીંહે પ્રથમ આંખો બંધ કરીને અને પછી આંખે પાટા બાંધીને વીદ્યાર્થી-શીક્ષકો જે નોટ બતાવે તે કેટલાની છે ? તેનો ક્રમાંક નંબર ફટાફટ કહેવા માંડ્યો. સૌ વાહ... વાહ.. પોકારી ઉઠ્યા. શીક્ષકોએ પચાસ અને સો રુપીયાની નોટો અર્પણ કરી જયસીંહનું ગજવું ગરમ કર્યું, પરંતુ ચમત્કાર ચકાસણી કેન્દ્ર-ચાંદખેડા દ્વારા આ માનસ પ્રદુશણનો પર્દાફાશ કરવામાં આવ્યો. જયસીંહને ખુલ્લી આંખે પાટા બાંધ્યા સીવાય, લાઇટ-ફોકસ બુઝાવી અંધારું કરી પ્રથમ રુપીયા સોની નોટનો નંબર અને પછી દેના બૅન્કના ચેકનો નંબર કહી બતાવવાનું કહેવામાં આવ્યું પણ જયસીંહ તે જાણી શક્યા નહીં. તેઓ નાપાસ થયા. ભોળા ભરતસીંહબાપુ તો આશ્ચર્યચકીત થઇ ગયા અને દીકરાને એનું આ નાટક સમજાવવાનો હુકમ કર્યો. દીકરાએ ચોખવટ કરતાં કહ્યું કે ભારતમાં આંધળી ભક્તીનો પાર નથી. આંખો એવી રીતે બંધ કરાય છે કે આગળથી જોતાં બંધ દેખાય પરંતુ નોટ હાથમાં લઇ, આંખ તલના દાણા જેટલી ખોલીને જોઇ લેતો. ટુંકમાં તે નંબર વાંચીને જ કહી શકતો. પાટા નીચેથી પાંચ ફુટ સુધી દેખાય, પરંતુ અંધારામાં આ ચમત્કાર ના થાય. મને અઘોરી બાપુએ આ ચાલાકીનો-જાદુનો ભેદ કોઇને ના કહેવા કુળદેવીના સમ ખવરાવેલા. હવે બાપ-બેટો ચમત્કાર ચકાસણી કેન્દ્રના સભ્ય બની ગયા છે અને અઘોરીબાવાને શોધે છે.

**''ચમત્કારીક દશ્ટીએ અને યોગ ધતીંગ છે. (શારીરીક-માનસીક કસરત માટે ઠીક), ધ્યાન ભ્રમ છે, પુનઃ પુર્વજન્મના દાવા વાહીયાત છે, ફળ જ્યોતીશ છેતરપીંડી છે અને ચમત્કારો બનાવટ છે.''-ડૉ. અબ્રાહમ કોવુર**

# તત્ત્વજ્ઞાની સરીતા

## **લાઇબ્નીઝ** (ઇ.સ. ૧૬૪૬થી ૧૭૧૬)

તત્ત્વચીંતનના ઇતીહાસમાં એક સમન્વયકારી ચીંતક તરીકે લાઇબ્નીઝની ગણના થાય છે.

લાઇબ્નીઝના પીતા જર્મનીની લીપઝીપ યુનીવર્સીટીમાં નીતીશાસ્ત્રના અધ્યાપક હતા. લાઇબ્નીઝ છ વર્ષનો હતો ત્યારે તેના પીતાનું મૃત્યુ થયું. અલબત્ત, એના પીતા અઢળક સંપત્તી મુકી ગયા હતા, આથી લાઇબ્નીઝનું શીક્ષણ અને જીવન સમૃદ્ધીમાં અને સ્વતંત્રતામાં વીત્યું. વધુમાં તેના પીતાનું સમૃદ્ધ ગ્રંથાલય પણ તેને વારસામાં મળ્યું હતું. આથી દસ વર્ષની ઉંમર બાદ કોઇ શાળામાં જવાને બદલે લાઇબ્નીઝે આ પુસ્તકની સહાયથી જાતે જ શીક્ષણ લીધું. તેણે લેટીન અને ગ્રીક ભાશાનો ઉંડો અભ્યાસ કર્યો. વધુમાં પ્લેટો જેવા તત્ત્વચીંતકો અને ચર્ચના પાદરીઓના ગ્રંથોના વાચનમાં તેને ઉંડો રસ પડતો. ૧૪ વર્ષની ઉંમરે લીપઝીપ યુનીવર્સીટીમાં તેણે કાયદો અને તત્ત્વજ્ઞાનનું શીક્ષણ લીધું. ૨૦ વર્ષની ઉંમરે આલ્ટડોર્ફ યુનીવર્સીટીએ લાઇબ્નીઝને 'ડૉક્ટર ઑફ લૉ'ની પદવી આપી એટલું જ નહીં, પરંતુ યુનીવીર્સીટીમાં એને પ્રોફેસરની જગ્યા પણ આપવાની તૈયારી દર્શાવી. લાઇબ્નીઝે પ્રોફેસર બનવાનો અસ્વીકાર કરતાં કહ્યું કે, 'મારી સ્વતંત્રતામાં આવી જગ્યા મને બાધારુપ નીવડશે.' આ સમય દરમીયાન લાઇબ્નીઝે બે ગ્રંથ પણ લખ્યા, પરંતુ કાયદાના શીક્ષણ અંગેના એણે લખેલા એક સંશોધન લેખથી મેઇન્ઝના આર્કબીશપનું ધ્યાન એના તરફ દોરાયું. જર્મની અને તેના પડોશી દેશો વચ્ચે સુલેહશાંતીની સ્થાપના માટે આર્કબીશપે એક વીસ્તૃત યોજના બનાવી હતી અને લાઇબ્નીઝ તેમાં ઉમળકાભેર જોડાયો. પ્રોટેસ્ટન્ટ અને કૅથોલીક સંપ્રદાયો વચ્ચે ધાર્મીક સહીશ્ણુતા વીકસે એ માટે ખ્રીસ્તી ધર્મનો આધાર શોધવા માટે પણ લાઇબ્નીઝે કાર્ય કર્યું. આ રીતે એ સમયના ધાર્મીક અને રાજકીય પ્રવાહોમાં લાઇબ્નીઝ ઘનીશ્ઠ રીતે સંકળાયેલો હતો.

પોતાના તત્ત્વચીંતન અંગે લાઇબ્નીઝે કોઇ સંપુર્ણ ગ્રંથ પ્રસીદ્ધ કર્યો નથી, પરંતુ તે સમયના પ્રસીદ્ધ સામયીકોમાં નીબંધો દ્વારા પોતાનું તત્ત્વચીંતન તે રજુ કરતો રહેતો. આમાં પણ રાજ્યકર્તાઓને અનુકુળ ન જણાય એવું કશું તે લખતો નહીં, પરંતુ તેના અવસાન બાદ મળી આવેલ અપ્રસીદ્ધ હસ્તપ્રતોએ તેના તત્ત્વચીંતનની સામગ્રી પુરી પાડી.

ડેકાર્ટે ઇશ્વર, મન અને દ્રવ્ય એમ ત્રણ બાબતોનો સ્વીકાર કર્યો હતો. સ્પીનોઝાએ વીચાર અને વીસ્તાર એ બન્ને ઇશ્વરના ગુણો હોવાનું જણાવ્યું. લાઇબ્નીઝે જણાવ્યું કે વીસ્તાર એ દ્રવ્યનો ગુણ હોઇ શકે નહીં. કારણકે વીસ્તારનો અર્થ છે બહુત્વ; એને માટે દ્રવ્યના સમુહને જ વીસ્તાર હોઇ શકે. આ રીતે લાઇબ્નીઝે દ્રવ્યોની અસીમ સંખ્યાનો ખ્યાલ આપ્યો. આવા પ્રત્યેક દ્રવ્ય માટે તેણે 'Monads'ની સંજ્ઞા આપી. લાઇબ્નીઝ કહે છે કે આવા પ્રત્યેક Monadને ભૌતીક પ્રકારનો ગુણ પણ હશે, પરંતુ વાસ્તવમાં પ્રત્યેક Monad એક આત્મા છે. આ રીતે લાઇબ્નીઝે બીજા શબ્દોમાં જડ દ્રવ્યના અસ્તીત્વનો સમુળગો ઇન્કાર કર્યો.

લાઇબ્નીઝ કહે છે કે આ આખું જગત માત્ર Monadsથી ઠાંસોઠાંસ ભરેલું છે અને પ્રત્યેક Monadમાં ચૈતન્ય છે. જૈનદર્શનમાં પણ આ જગત નીગોદના જીવોથી (બેક્ટેરીયા !) ઠાંસોઠાંસ ભરેલું હોવાની કંઇક અંશે આવી જ ધારણા છે. અબલત્ત, જૈનદર્શને જડ દ્રવ્યના અસ્તીત્વનો (પુદ્‌ગલ) સ્વીકાર કર્યો છે.

તો આ બધાં Monads વચ્ચેનો અરસપરસનો સંબંધ છે કે કેમ અને આવો સંબંધ કેવા પ્રકારનો છે ? એવો પ્રશ્ન ઉપસ્થીત થાય જ. લાઇબ્નીઝ કહે છે કે કોઇ પણ બે Monad વચ્ચે કશો પણ કાર્યકારણ પ્રકારનો સંબંધ હોઇ શકે જ નહીં. અલબત્ત, આવો સંબંધ હોવાનો આપણને આભાસ થતો હોય છે. લાઇબ્નીઝના શબ્દોમાં Monads windowless છે. એટલે કે પ્રત્યેક Monad પોતાના વીશીશ્ટ સ્થાન પરથી એક દર્પણની જેમ જગતને પ્રતીબીંબીત કરતું રહે છે; આનું કારણ એવું નથી કે જગતની Monad પર કંઇક અસર કે પ્રતીક્રીયા છે; પરંતુ કારણ એ છે કે ઇશ્વરે Monadને એવો સ્વભાવ આપ્યો છે, પરંતુ આપણે જગતમાં અસંખ્ય પદાર્થો અને જીવો વચ્ચેની સતત ચાલતી ક્રીયા-પ્રતીક્રીયા જોઇએ છીએ. આનું કારણ સમજવા માટે લાઇબ્નીઝ ઘડીયાળનું ઉદાહરણ આપે છે; જેવી રીતે એક જ સમય બતાવતાં ચાવી આપેલાં જુદાં જુદાં ઘડીયાળોમાં એક જ સમયે બધાં ઘડીયાળો એકસાથે ટકોરા આપે છે, અને છતાં કોઇ પણ બે ઘડીયાળો વચ્ચે કશો જ કાર્યકારણનો કે ક્રીયા-પ્રતીક્રીયાનો સંબંધ હોતો નથી, એવી જ રીતે ઇશ્વરે અગાઉથી જ આ અસંખ્ય Monads વચ્ચે આવા જ પ્રકારની એક સંવાદીતા સ્થાપીત કરેલી હોય છે. લાઇબ્નીઝ એને પુર્વ સ્થાપીત

સંવાદીતાનો સીદ્ધાન્ત (Pre-established Harmony) કહે છે. આ પુર્વનીયોજીત સંવાદીતાને કારણે જ કોઇ પણ એક Monadમાં થતું પરીવર્તન બીજાઓને પ્રભાવીત કરતું દેખાય છે.

શું બધા જ Monad એકસમાન છે ? આના પ્રત્યુત્તરમાં લાઇબ્નીઝ કહે છે કે Clearness અને Distinctnessના આધારે Monadsમાં વીવીધતા હોય છે. આ વીવીધતાના આધારે Monadsમાં એક પ્રકારની શ્રેણી (Hierarchy) સર્જાય છે. લાઇબ્નીઝ કહે છે કે માનવશરીર પુર્ણપણે આવા Monadsનું જ બનેલું છે અને શરીરનો પ્રત્યેક Monad એક આત્મા છે. Monad પોતે સદા અમર છે, આમ છતાં શરીરના બધા જ Monadsમાંથી એક Monad સર્વસત્તાધીશ જેવો હોય છે, જેને આપણે માનવીનો આત્મા કહીએ છીએ. લાઇબ્નીઝના આ સીદ્ધાન્તને પરીણામે જોકે, એક પ્રકારનો નીયતીવાદ જ ફલીત થાય છે; આમ છતાં લાઇબ્નીઝ સંકલ્પસ્વાતંત્ર્યને માન્ય કરે છે, એટલું જ નહીં, પરંતુ ઇશ્વરનાં કૃત્યોમાં પણ એક પ્રકારની સ્વતંત્રતા હોવાનું લાઇબ્નીઝ કહે છે. ઇશ્વર હંમેશાં જે કંઇ સર્વોત્તમ હોય એ જ કરે છે, પરંતુ આવું કરવા માટે તેના ઉપર કોઇ પણ જાતનું દબાણ નથી હોતું. થોમસ એક્વીનાઝની માફક લાઇબ્નીઝ પણ કહે છે કે ઇશ્વર તર્કસંગત નીયમોથી વીરુદ્ધ કશું કરી શકે નહીં, પરંતુ તર્કની રીતે જે શક્ય હોય એવો જ આદેશ ઇશ્વર આપશે અને આ રીતે પસંદગીની એક વીસ્તૃત સ્વતંત્રતા ઇશ્વર પાસે છે.

ઇશ્વરનું અસ્તીત્વ માન્ય કરનાર ફીલસુફને ઇશ્વરના અસ્તીત્વની સાબીતી માટે તર્કો આપવા જ પડે. લાઇબ્નીઝે ઇશ્વરનું અસ્તીત્વ સીદ્ધ કરવા માટે ચાર દલીલો આપે છે.

(૧) અસ્તીત્વમુલક, (૨) સૃષ્ટીરચનાવીશયક, (૩) સનાતન સત્યના આધારે, (૪) પુર્વનીર્ધારીત સંવાદીતાની દલીલ.

આ દલીલની વીગતમાં આપણે નહીં ઉતરતીએ. પાશ્ચાત્ય દર્શનમાં ઇશ્વરના અસ્તીત્વ માટેની આવી દલીલોને મળતી આવતી દલીલોની એક પરંપરા ચાલતી રહી છે. બાઇબલ મુજબ ઇશ્વર સૃષ્ટીનો કર્તા છે, વગેરે પ્રકારની શ્રદ્ધામુલક બાબતોને તાર્કીક કહી શકાય એવો આધાર આપવા માટેની આ દલીલો છે. ભારતીય દર્શનશાસ્ત્રોમાં ન્યાયદર્શને પણ ઇશ્વરનું અસ્તીત્વ સીદ્ધ કરવા માટે ચાર દલીલો આપી છે.

આ અગાઉ આપણે જોઇ ગયા કે લાઇબ્નીઝના તત્ત્વજ્ઞાનમાં સૌથી કેન્દ્રસ્થાને Monads છે. આ બાબત પુરતી લાઇબ્નીઝની વીચારણા મૌલીક કહી શકાય. આ પ્રત્યેક Monad એક આત્મા છે અને ઇશ્વરે આ તમામ આત્માઓ વચ્ચે સંવાદીતા નીર્ધારીત કરેલ છે; વળી લાઇબ્નીઝ એમ પણ કહે છે કે ઇશ્વર પોતે પણ એક Monad છે, પરંતુ તે સર્વોચ્ચ એવો Monad છે.

લાઇબ્નીઝ આપણા દેખીતા જગત જેવાં બીજાં અનેક જગતની સંભાવનાઓ સ્વીકારે છે. લાઇબ્નીઝની આ ધારણા જૈનદર્શનની ધારણા સાથે તદ્દન સુસંગત છે.

શુભ અને અશુભ તેમ જ ઇસ્ટ અને અનીશ્ટ અંગે એટલે કે નૈતીક સમસ્યાઓ વીશે લાઇબ્નીઝના ચીંતનમાં આપણને કશું મૌલીક યા આગવું દર્શન મળતું નથી; આમાં પણ પ્રણાલીકાગત ખ્રીસ્તી રુઢીવાદી પરંપરામાંથી લાઇબ્નીઝ બહાર આવી શક્યો નથી. જગતમાં અશુભનું અસ્તીત્વ હકીકત તરીકે લાઇબ્નીઝ સ્વીકારે છે, પરંતુ જગતમાં હંમેશાં શુભનું પલ્લું અશુભ કરતાં વધુ નમેલું રહેશે એવો એનો વીશ્વાસ છે. લાઇબ્નીઝે જે અનેક જગતની કલ્પના કરી છે એમાં પણ એ કહે છે કે તુલનાત્મક રીતે ઇશ્વરે આ જગતને ઉત્તમ જગત તરીકે રચ્યું છે. આથી કદાચ તે એમ પણ કહેવા માગે છે કે જગતમાં જે કંઇ બને છે એમાં અશુભનો અંશ હોવા છતાં એની ભીતરમાં ઇશ્વરનો કશોક ઉદાત્ત હેતુ હોય છે. ઇશ્વર સર્વશક્તીમાન છે તેથી એ શક્યતાની સાથોસાથ વાસ્તવીકતાનો પણ ખ્યાલ રાખે છે. અનીશ્ટને લાઇબ્નીઝે ત્રણ પ્રકારે વર્ણવ્યાં છે. (૧) ભૌતીક અનીશ્ટ, (૨) નૈતીક અનીશ્ટ અને (૩) તાત્ત્વીક અનીશ્ટ. ભારતીય શાસ્ત્રોમાં પણ આધીભૌતીક, અધીદૈવીક અને આધ્યાત્મીક એવી ત્રણ પ્રકારની ઉપાધીઓ વર્ણવવામાં આવી છે. લાઇબ્નીઝ કહે છે કે નૈતીક અનીશ્ટ માટે મનુશ્ય પોતે જ જવાબદાર છે.

લાઇબ્નીઝ એક સમર્થ ગણીતશાસ્ત્રી હતો. અર્વાચીન વીજ્ઞાનમાં અણુ-પરમાણુ વીજ્ઞાને જે નવી ધારણાઓ આપી છે એનું મુળ કંઇક અંશે લાઇબ્નીઝના ચીંતનમાં જોઇ શકાય. તાત્ત્વીક સત્યો પાછળથી ક્રમશઃ વીજ્ઞાન દ્વારા પ્રાયોગીક રુપે રજુ થાય છે એ જૈનદર્શનનો પુદ્ગલ અંગેનો ખ્યાલ લાઇબ્નીઝના Monadsને મળતો આવે છે એમ કહી શકાય નહીં, કારણકે પુદ્ગલ એ ચૈતન્યહીન માત્ર જડ પદાર્થ છે. જ્યારે લાઇબ્નીઝનો Monad એક સચેતન અને આખા જગતને પ્રતીબીંબીત કરનાર ચેતન જગતનું મુળભુત એકમ હોવાનું જણાય છે. અલબત્ત, જૈનદર્શનની જીવોની ચડતી-ઉતરતી શ્રેણીને આંશીક રીતે Monadsની શ્રેણીની સાથે સરખાવી શકાય.

**(માવજી કે. સાવલા - 'સોક્રેટીસથી સાર્ત્ર'માંથી સાભાર)**

# રામપાલો અને આસારામો પેદા થયા જ કરશે...

- દીપક ધોળકીયા

હરીયાણાના હીસારમાં ‘સંત’ રામપાલ અંતે અદાલતી કસ્ટડીમાં પહોંચી ગયો છે. ૨૦૦૬ના એક ખુન કેસમાં એની ધરપકડ કરવાની હતી અને રાજ્ય સરકાર ટાળતી રહી હતી. છેવટે, પંજાબ અને હરીયાણા હાઇકોર્ટના કડક આદેશ પછી ભારે પોલીસદળ મોકલવું પડ્યું. એના ભક્તો આશ્રમમાં અડ્ડો જમાવીને બેઠા હતા અને એની ધરપકડમાં આડે આવતા હતા. દરમીયાન આશ્રમમાંથી પાંચ સ્ત્રીઓ અને એક બાળક મૃત અવસ્થામાં મળી આવ્યાં છે.

ભક્તો તો રામપાલને ભગવાનનો અવતાર માને છે અને એની સામે થયેલી કાર્યવાહી પછી પણ એમની શ્રદ્ધા ઓછી થાય કે એમની આંખ ખુલી જાય એવી શક્યતા નથી. આપણે જે મહાન દેશની છાસવારે પ્રશંસા કરતા થાકતા નથી, એ દેશની પ્રજા આવી કેમ છે, કે જે સામે આવ્યો તેનાં ચરણ પખાળવા મંડી જાય ? આપણે જ્યારે આપણા ભવ્ય ભુતકાળની વાત કરીએ છીએ ત્યારે માત્ર આપણી આધ્યાત્મીક સીદ્ધીઓ વીશે જ નહીં, વૈજ્ઞાનીક સીદ્ધીઓના દાવા પણ કરીએ છીએ. વૈજ્ઞાનીક સફળતાઓ અંધભક્તીથી ન મળે. સવાલ એ છે કે આપણે હંમેશાં આવા જ અંધભક્ત અને મુર્ખ હતા કે પાછળના કોઇ સમયમાં બની ગયા ?

આજે આવા બધા બાબાઓના આશ્રમો ચાલે છે અને એમાં એમની સાર્વભૌમ સત્તા છે. આ દેશનો કોઇ પણ કાયદો ઉદ્દંડતાથી તોડતાં આ બાબાઓ અચકાતા પણ નથી હોતા. કોઇ સેક્સ સ્કેન્ડલમાં સપડાયા છે, તો કોઇ હત્યાઓમાં. પરંતુ ભક્તોની સંખ્યા ઘટતી હોવાનું જણાતું નથી. આપણે હજી નવા જમાનામાં પ્રવેશ્યા નથી. હજી સામંતવાદી વલણોમાંથી બહાર નથી આવ્યા. રાજા બધું કરી શકે. રાજાના બધા ગુના માફ. હવે રાજા ન રહ્યા તો બાબાઓ આવ્યા છે. એમના માટે લોકો પોતાના પ્રાણની પણ કુરબાની દેવા તૈયાર હોય છે.

આ દેખાડે છે કે આપણી પ્રજામાં સાચું-ખોટું સમજવાની ક્ષમતા નથી. આનો અર્થ એ જ છે કે આપણે પોતાની જ કહેવાતી સીદ્ધીઓ માટે પોતાની જ પીઠ થાબડતા રહેવાનું પસંદ કરીએ છીએ. આનો અર્થ એ પણ છે કે આપણામાં તટસ્થ વીશ્લેશણ કરવાની વૃત્તી પણ નથી. જેવી આપણી આંધળી ભક્તી છે, તેવા જ આંધળા વીચાર છે.

રામપાલ જેવો જ બીજો એક સંપ્રદાય છે સચખંડ. હાલમાં એનું એક મૅગેઝીન વાંચવા મળ્યું. એક ભક્તે લખ્યું હતું કે ૧૯૮૪માં ૩૧મી ઑક્ટોબરે દીલ્હીમાં શીખવીરોધી રમખાણો થયાં તેમાંથી ગુરુજીએ એને બચાવી લીધો. કઇ રીતે ? ગુરુજીએ એને ઈન્દીરા ગાંધીની હત્યાથી પણ પહેલાં કહી દીધું કે ૩૧મીની સવારે એણે દીલ્હી છોડી દેવાનું રહેશે. આ ભક્તસાહેબ દીલ્હીથી ગયા તે પછી ઇન્દીરા ગાંધીની હત્યા થઇ અને રમખાણો શરુ થઇ ગયાં. ગુરુજીની આગમવાણીથી ભક્તસાહેબ બચી ગયા. ગુરુજીના ચમત્કારથી તેઓ બહુ પ્રભાવીત થયા, પરંતુ એમને એ વીચાર ન આવ્યો કે આ ગુરુજીએ ઇન્દીરા ગાંધીની હત્યા કેમ ન રોકી ? બીજા શીખો એમના દુશ્મન હતા કે એ સૌને મરવા દીધા ? પણ બસ, હું બચી ગયો એટલે ગુરુજી મહાન.

જ્યાં સુધી આપણે આસ્થાને માર્ગે જ સમસ્યાઓનાં સમાધાન શોધતા રહીશું ત્યાં સુધી બાબાઓની જમાત મોટી ને મોટી થતી રહેશે. પાકીસ્તાનમાં પણ આવા બનાવો બને છે. પાકીસ્તાનના ગુજરાતમાં શાહ દૌલાની મઝાર પર રોજ દુઃખોમાંથી મુકતી ઝંખતા લોકોની ભીડ જામે છે. સ્ત્રીઓ સંતાન પ્રાપ્તી માટે આવે છે, પણ જ્યારે એમને ગર્ભ રહે ત્યારે પહેલું સંતાન ‘ઉદર-બાળ’ હશે, એટલે કે એ વીકલાંગ હશે. આ બાળક એમણે મઝારને આપી દેવાનું હોય છે. ભક્તો પહેલું બાળક સ્વસ્થ હોય તો પણ એને ઉદરબાળ માને છે અને મઝારને આપી દે છે. એને ત્યાં વીકલાંગ બનાવી દેવાય છે એને એનો જુદી જુદી રીતે પૈસા કમાવા માટે ઉપયોગ થાય છે. ઇસ્લામમાં ચમત્કારોનો ઇન્કાર હોવા છતાં આવું ચાલ્યા કરે છે. બીજી બાજુ, આપણે તો ચમત્કારને બહુ સામાન્ય વાત માનીને ચાલીએ છીએ.

આમાં એક નવો વળાંક આવ્યો છે. આપણી બડાઇખોરી એટલી હદે પહોંચી છે કે આપણે કથાઓને-માઇથોલૉજીને-ભારતમાં વૈજ્ઞાનીક વીકાસનું ઉદાહરણ માનીએ છીએ. માઇથોલૉજી આપણી પરંપરાનો એક બહુ મહત્ત્વનો ભાગ છે. એના વીના ધર્મની વાતો સુકી

બની જશે. પરંતુ માઇથોલૉજી પોતે ધર્મ પણ નથી અને વીજ્ઞાન પણ નથી. હાલમાં જ આપણા વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું કે ભારતમાં પ્લાસ્ટીક સર્જરી થતી હતી. સત્ય એ છે કે વડા પ્રધાન એમના જીવનમાં એટલા સક્રીય રહ્યા છે કે એમને આ વીશય પર અલગ વીચાર કરવાનો કદી સમય નહીં મળ્યો હોય એટલે એમનો અભીપ્રાય અહોભાવથી પીડીત સામાન્ય માણસના વીચારોના સ્તરે છે એ સ્પશ્ટ છે. ગણેશના માથાની જગ્યાએ હાથીનું માથું બેસાડવા માટે પ્લાસ્ટીક સર્જનો જોઇએ. આપણે વીજ્ઞાનની ભાશામાં બોલતાં એક મીથકમાંથી બીજા મીથકમાં કેવા સરકી પડીએ છીએ તેનું આ ઉદાહરણ છે. પહેલું મીથક તો માણસ પર હાથીનું માથું ગોઠવાયેલું હોય તે છે. બીજું મીથક એ છે કે આપણે ત્યાં પ્લાસ્ટીક સર્જનો હતા, પણ આવો તો કોઇ ઉલ્લેખ આપણાં પુરાણોમાં નથી મળતો. આ જ્યાં સુધી કથા હોય ત્યાં સુધી તો એનાં અર્થઘટનો કરી શકાય અને પ્રતીક તરીકે વાજબી પણ ઠેરવી શકાય, પણ એની સાથે ભક્તીભાવ જોડીને આપણે એને ધાર્મીક વાસ્તવીકતા આપીએ છીએ એટલું જ નહીં, પ્લાસ્ટીક સર્જરીની આખી પદ્ધતી સમજ્યા વીના એનું અસ્તીત્વ પહેલાં હતું એમ કહેવું એ તો માઇથોલૉજીને વૈજ્ઞાનીક વાસ્તવીકતા આપવા જેવું છે. આમ છતાં ગુજરાતના રેશનાલીસ્ટોએ વીનયપુર્વક વડા પ્રધાનનું ધ્યાન ખેંચવાના પ્રયાસ પણ નથી કર્યા જણાતા. વડા પ્રધાને ખરેખર વીજ્ઞાનની દીશામાં થયેલી પ્રગતીનો ઉલ્લેખ કર્યો હોત તો વાત સમજી શકાઇ હોત. ચરક અને સુશ્રુત, આર્યભટ્ટ, વરાહમીહીર, ભાસ્કર, બ્રહ્મગુપ્ત વગેરે આપણા વૈજ્ઞાનીકો હતા. શુન્યની શોધ ભારતે કરી એ વાત સાચી હોત તો બહુ સારું થાત. આ બધા વૈજ્ઞાનીકો વચ્ચે સદીઓ કેમ નીકળી ગઇ. દરેકની પાછળ એક પરંપરા કેમ ન બની. આ નામો માત્ર આપણી વીજ્ઞાનહીનતામાં અપવાદ તરીકે જ કેમ સામે આવે છે તે સમજવાનો તો આપણે પ્રયાસ પણ નથી કરતા. માઇથોલૉજીનો અર્થ બેસાડવાના પ્રયાસથી નવાં મીથકોનો જન્મ થાય છે. આપણી આસપાસ અનેક આવાં મીથકો બાબાઓ રુપે ફેલાયેલા છે. આપણે એમને સાચા અર્થમાં સમજી શકીએ તો એમના પ્રભાવોમાંથી મુક્ત પણ થઇ શકીએ. પરંતુ અફસોસ, આપણને મીથકોને સત્ય માનવાની ટેવ છે.

આપણી ભક્તી જેમ આપણા વીચારો પણ આંધળા છે. માઇથોલૉજીમાંથી આપણે એક નીરાધાર તારણ તો કાઢ્યું કે ભારતમાં પ્લાસ્ટીક સર્જરી હતી, પરંતુ એમાંથી સત્ય શોધવાનો પ્રયત્ન કર્યો ? સત્ય એટલું જ છે કે ગણેશ અથવા ગણપતી એક ગણના નેતા હતા. આવા કેટલાય ગણ હતા અને કેટલાય ગણપતી હતા. આમાંથી એક ગણનું પ્રતીક હાથી હતું. આવી જ એક કથા રામાયણમાં છે. રામ-રાવણના યુદ્ધમાં લક્ષ્મણ મેઘનાદના પ્રહારથી બેભાન થઇ ગયા છે અને મૃત્યુને આરે પહોંચી ગયા અથવા કથા કહે છે તેમ મૃત્યુ પામ્યા છે. એકમાત્ર સુશેણ વૈદ્ય આનો ઉપાય જાણતા હતા. એમણે લક્ષ્મણને સજીવ કરવા માટે એક પર્વત પરથી સંજીવની જડીબુટ્ટી લાવવા કહ્યું. હનુમાન આ કામ કરી શકતા હતા. એ ગયા પણ વનસ્પતીને ઓળખી ન શક્યા એટલે આખો પર્વત ઉંચકી લાવ્યા ? (ખરેખર તો વાલ્મીકી રામાયણમાં આ કથા જ નથી, એટલે માઇથોલૉજીની અંદર પણ આપણે માઇથોલૉજી પેદા કરી છે ? વાલ્મીકી રામાયણના યુદ્ધકાંડના ૪૫થી ૫૦ સર્ગ વાચંવા વીનંતી છે. આમ છતાં આ કથા મુળ કથા કરતાં પણ વધારે પ્રસીદ્ધ છે એટલે એનું મહત્ત્વ ઓછું નથી).

આ માત્ર કથા છે અને શ્રોતાઓ અને વાચકો પ્રભાવીત થઇ શકે છે. આમાં સત્ય શું ? સત્ય એટલું જ છે કે આપણાં જંગલોમાં અને પહાડો પર ઉગતી વનસ્પતીઓમાં કદાચ જીવનદાન આપી શકે એવી કેટલી બધી ઔશધીઓ છે ! આપણે આ સત્યની પાછળ ગયા હોત તો ? બસ, હનુમાન પર્વત ઉપાડી લાવ્યા તે જાણીને પ્રસન્ન વદને 'જય જય જય હનુમાન ગુંસાઇ, કૃપા કરો ગુરુદેવ કી નાંઇ' ગાવામાં મસ્ત થઇ જઇએ.

આદીવાસીનો જંગલમાં રહે છે જડીબુટ્ટીઓ વીશે એમનું જ્ઞાન અગાધ છે. એકમાત્ર જયકૃશ્ણ ઇન્દ્રજી એવા નીકળ્યા કે જેમણે બરડા ડુંગરની દરેક વનસ્પતીનો અભ્યાસ કરીને એના ગુણધર્મો વીશે પુસ્તક લખ્યું. બાકી આપણે સૌ તો માઇથોલૉજીને સત્ય માનવામાંથી ઉંચા આવીએ ત્યારે સમજીએ ને કે આમાંથી તો આદીવાસીઓની જીવનશૈલીનું જતન કરવાનો, જંગલોનું જતન કરવાનો સંદેશ મળે છે. જંગલોનો નાશ થવાની સાથે આયુર્વેદનો પણ નાશ થશે. આપણી ભક્તી પણ આંધળી છે અને વીચારો પણ આંધળા છે. સીધા માર્ગે જતા જ નથી.

ચીંતા ન કરશો. આપણે ત્યાં રામપાલો, આસારામો અને... અને... અને અનેક ધ.ધુ.પ.પુ.ઓ પેદા થયા જ કરશે.

**પ્રેશક : ધરમશી મહેશ્વરી** (આ લેખના લેખક કચ્છના રહેવાશી છે અને તેઓ તાજેતરમાં દીલ્હી ખાતે સ્થાયી થયેલા છે. તેઓ AIR અને રેડીઓ મૉસ્કોમાં ગુજરાતી સમાચારના રીડર હતા)

# લોભીયાને ધુતારા મળી જ રહે !

એક જાણીતી ઉક્તી છે : 'જ્ઞાની કો પંજાબ ભલા, કર્મી કો દખ્ખણ, ધ્યાની કો સોરઠ ભલા ઔર ઢોંગી કો ગુજરાત' જો રામપાલનો આશ્રમ હરીયાણાને બદલે ગુજરાતમાં હોત તો જે સંપત્તી પકડાઇ એના કરતાં બમણી સંપત્તી પકડાઇ હોત ! સ્વામી સચ્ચીદાનંદજી ઘણી વખતે કહે છે કે ગુજરાતની અંધશ્રદ્ધાળુ પ્રજા ઘેટાં જેવી છે, જેનું ઉન ઉતારવા માટે ગુરુઘંટાલો હંમેશાં તત્પર રહેતા હોય છે. સ્વામી આનંદ કહેતા કે, ''સાધુ તો દો રોટી ઔર એક લંગોટી કા હકદાર હોતા હૈ!'' પરંતુ આજના સાધુ-બાવાઓ તો અંધશ્રદ્ધાળુઓને જ 'દો રોટી ઔર એક લગોટી'ના હકદાર બનાવવાની ફીરાકમાં ફરતા હોય છે. 'સાધુ તો ચલતા ભલા' આ ઉક્તી તો પ્રાચીન થઇ, પરંતુ અર્વાચીન ઉક્તી તો 'સાધુ તો લુટતા ભલા' જ હોઇ શકે. ટાટા, બીરલા અને અંબાણીને પણ શરમાવે એવું 'વૈરાગ્ય'ને નામે ઉઠાં ભણાવતા આજના બાવાઓ 'વૈભવી' જીવન જીવી રહ્યા છે. રામપાલનું નામ તો ખરેખર 'રાવણપાલ' હોવું જોઇએ. આશ્રમમાંથી હથીયારો, બુલેટપ્રુફ કૅબીનો અને ગાડીઓ તથા શ્રૃંગારરસનાં સાધનો પકડાય ત્યારે સહેજેય સવાલ થાય કે આશ્રમ છે કે કોઇ અંડર વર્લ્ડનો અડ્ડો ? સાધુને વળી હથીયારની શું જરુર પડે ? એ તો અજાતશત્રુ હોય ! ભગવાં વસ્ત્રોના ભ્રમમાં ભેરવાયેલો અને ભટકેલો માણસ જ્યાં સુધી 'વૈજ્ઞાનીક અભીગમ'ની ટોર્ચ હાથમાં નહીં ઝાલે ત્યાં સુધી તેના જીવનમાં પ્રકાશને કોઇ અવકાશ નથી. આસારામો અને રામપાલોનું સ્થાન જ્યાં હોવું જોઇએ (જેલમાં) ત્યાં છે. હજુ પણ નીર્મલબાબા પોતાની લાલ અને હરી ચટણી સાથે નીત્યદીન પોતાના મુખદર્શન માટે દુરદર્શન પર વીદ્યમાન હોય છે અને પોતાનો વકરો (બનેલા બકરાઓને કારણે) ઉસેટી રહ્યા છે. એમનું સ્થાન જેલમાં ક્યારે ? દુશ્મનને ઉગતો જ ડામવો સારો કે જેથી પકડવામાં ૪૫ કરોડનો ખર્ચ ના કરવો પડે ! અત્યારે બાબા રામદેવને ઝેડ કેટેગરીની સુરક્ષા પુરી પાડવામાં આવી. એક તો પ્રજાને પૈસે પેટ ભરવાનું અને ઉપરથી પ્રજાના પૈસે જ સુરક્ષા પણ મેળવવાની. ભંગારને તીજોરીમાં સાચવવાનું હવે બંધ થવું જોઇએ. ધર્મને ધંધો બનાવી બેઠેલા આવા લુચ્ચા, લબાડ અને લંપટ ગુરુઘંટાલોની દુકાન જ્યાં સુધી અંધશ્રદ્ધાળુ એવા 'ગ્રાહકો' મળતા રહેશે ત્યાં સુધી ચાલુ રહેશે. **- પ્રેમ સુમેસરા**

# ભ્રશ્ટાચારી બાબાઓનો જનક અવતારવાદ

**- એન. વી. ચાવડા**

આપણા દેશમાં ભ્રશ્ટાચારી બાબા-બાપુઓનો જ રાફડો ફાટ્યો છે, તેનો જનક વર્ણવ્યવસ્થાધર્મનો અવતારવાદ છે. આ વર્ણવ્યવસ્થાધર્મ કે જેને અજ્ઞાનવશ ભારતની પ્રજા હીન્દુ કહે છે, તે હીન્દુ ધર્મમાં અવતારવાદ, પુનર્જન્મ-પુર્વજન્મ, સ્વર્ગ-નરક અને પ્રારબ્ધ આદી જે અંધશ્રદ્ધાયુક્ત માન્યતાઓ પ્રવર્તમાન છે, તેનો ભોગ બની હીન્દુ પ્રજા બની બેઠેલા ઇશ્વરના અવતારોના સંકજામાં ખુબ જ આસાનીથી ફસાઇ જાય છે. સુરતના સપુત મહામનીશી ડૉ. વીશ્ણુપ્રસાદ ત્રીવેદી પોતાના ગ્રંથ 'દ્રુમપર્ણ'માં લખે છે કે 'આપણાં નાનાં-મોટાં નગરોની ગલીઓમાં અનેક બાબાઓ જે રીતે ઇશ્વરના અવતાર બનીને પુજાઇ રહ્યા છે, તે જોતાં હીન્દુ ધર્મમાંથી અવતારવાદને જો નશ્ટ કરી દેવામાં આવે તો પણ શુદ્ધ હીન્દુ ધર્મને કશું જ નુકશાન ન થાય.'

હીન્દુ ધર્મમાં રહેલા અવતારવાદની ઓથે કોઇ પણ વ્યક્તી પોતાને ઇશ્વર, રામ, કૃશ્ણ, શંકર આદી દેવનો અવતાર ઘોશીત કરી શકે છે. આશ્ચર્યની વાત એ છે કે હીન્દુ ધર્મના સૌથી મોટા ગુરુઓ કે જેમને જગદ્ગુરુઓ પણ કહેવામાં આવે છે, તેઓ આવા ઠગ અવતારોને એમ કરતાં રોકતા નથી કે રોકી શકતા નથી. પરંતુ ક્યાંથી રોકી શકે ? કારણકે એ જગદ્ગુરુઓ જ શંકરના અવતાર તરીકે ઓળખાય છે. એમાંથીયે મોટા આશ્ચર્યની વાત એ છે કે આવા જગદ્ગુરુઓની દેશમાં મુખ્ય ચાર પીઠો હોવા છતાં કહેવાય છે કે દેશમાં બીજા લગભગ સો-એક જેટલા જગદ્ગુરુઓ અસ્તીત્વ ધરાવે છે. એમને પણ આ મુખ્ય ચાર પીઠોના જગદ્ગુરુઓ અટકાવી શકતા કે અટકાવતા નથી. એનાથીયે મોટું આશ્ચર્યએ છે કે આ બધા જગદ્ગુરુઓમાંના પ્રત્યેક ફક્ત પોતાને જ સાચો જગદ્ગુરુ માને છે. અન્યને ખોટા માને છે. આ સંજોગોમાં હીન્દુ પ્રજાને સાચું માર્ગદર્શન આપીને બચાવવાની ક્ષમતા ધરાવનાર કોઇ ગુરુ ન હોવાથી હીન્દુઓ ઠગગુરુઓના પંજામાં કાયમ સપડાતા રહે છે.

આ બધું જોતાં એવું લાગે છે કે જ્યાં સુધી હીન્દુ ધર્મમાંથી અવતારવાદ, પુનર્જન્મ, સ્વર્ગ-નરક, પ્રારબ્ધ, પરલોક આદી માન્યતાઓનો ધ્વંશ નહીં થાય ત્યાં સુધી બાબા-બાપુઓના ભ્રશ્ટાચારો નાબુદ થઇ શકવાના નથી,

પરંતુ આ માન્યતાઓનો ધ્વંશ ત્યાં સુધી નહીં થઇ શકે, જ્યાં સુધી એ માન્યતાઓના પ્રચાર કરનારા ગ્રંથોનું પઠન-પાઠન, પારાયણો અને પ્રવચનો ચાલુ રહેશે, ત્યાં સુધી એ માન્યતાઓનો શીકાર હીન્દુ પ્રજા બનતી જ રહેશે અને ધુતારા ગુરુઓ તેમને તન-મન-ધનથી લુંટીને બરબાદ કરતા જ રહેશે.

## તારક મહેતાનું અપમાન કે ઉપયોગ ??

**આ**પણી ટીવી સીરીયલોના પ્રોડ્યુસરો નવા-જુના સાહીત્યકારો યા તેમની કૃતીઓને નામે ટીવી સીરીયલો ચલાવતા હોય છે, જેમાં તેઓ લેખક યા કૃતીના નામનો જ માત્ર દુરપયોગની જેમ ઉપયોગ કરતા હોય છે. કારણકે એ ટીવી સીરીયલોમાં લેખક યા કૃતીઓનાં નામ સીવાય લેખકનું કંઇ જ હોતું નથી. બધો મસાલો ટીવી સીરીયલના સ્ટોરી રાઇટરના ભેજાની નીપજ હોય છે. આવી એક ટીવી સીરીયલ છે, સબ ટીવી પર આવતી સીરીયલ 'તારક મહેતાનાં ઉલ્ટાં ચશ્માં' ઘણાં વરસો પહેલાં 'રંગતરંગ' નામના માસીકમાં તારક મહેતાનો એક ઇન્ટરવ્યુ વાંચવા મળેલો. જેમાં એક પ્રશ્નના ઉત્તરમાં તેમણે જણાવેલું કે પોતે નીરીશ્વરવાદી છે. અર્થાત્ તેઓ ઇશ્વરના અસ્તીત્વનો સ્વીકાર કરતા નથી.

અત્યારે તારક મહેતાને નામે જે આ સીરીયલ ચાલી રહી છે, તેમાં તારક મહેતાના નામ સીવાય તારક મહેતાનું કશું જ ન હોવાથી તે સીરીયલમાં તારક મહેતાના નામનો માત્ર ઉપયોગ થઇ રહ્યો છે, એમ કહી શકાય. વળી, તારક મહેતા નીરીશ્વરવાદી છે, જ્યારે આ સીરીયલમાં એમની માન્યતા યા વીચારધારાથી વીપરીત એવા ઇશ્વરવાદી અને દેવ-દેવીઓની મુર્તીપુજા તીર્થયાત્રા, પ્રાર્થનાઓ અને કર્મકાંડોના વીચારો જોરદાર રીતે રજુ કરવામાં આવી રહ્યાં છે, તે જોઇને એવું લાગે છે કે તે દ્વારા તેમનું અપમાન થઇ રહ્યું છે. આશ્ચર્ય એ વાતનું છે કે આદરણીય તારક મહેતા પોતાના નામનો આવો દુરુપયોગ અને અપમાન ચાલવા શા માટે દે છે ?

અલબત્ત, આ સીરીયલ હાસ્યરસની સીરીયલ છે, ઉપરાંત તેમાં જ્ઞાન સાથે ગમ્મત તથા કેટલીક જીવનોપયોગી માહીતી પીરસવામાં આવે છે, જે તે સીરીયલનું જમા પાસું છે, પરંતુ તેના બહાના નીચે આ સીરીયલ દ્વારા વ્યર્થ અને હાનીકારક ક્રીયાકાંડો, પર્વો, તહેવારો અને અંધશ્રદ્ધાઓમાંથી સમાજને બહાર ન નીકળવા દેવા માટેનું એક કુવ્યવસ્થીત ગુપ્ત આયોજન હોવાની પણ શંકા જાય છે. ક્યારેક તેમાં કેટલીક અંધશ્રદ્ધામાંથી બહાર કાઢવાના ઉપક્રમ જેવું જોવામાં આવે છે, પરંતુ તેનું પ્રમાણ અલ્પ હોય છે, જ્યારે વહેમો અને અંધશ્રદ્ધાઓ તથા કુપ્રથાઓમાં ફસાવવાનો આઇડીયા તેમા વીશેશ પ્રબળ રીતે રજુ થાય છે. આપણા ટીવીમાં આવતી આ અને અન્ય સામાજીક ટીવી સીરીયલોમાં આ એક જ મકસદ બહુધા જોવામાં આવે છે. એ જોતાં એવું લાગે છે કે આપણા દેશના બુદ્ધીજીવી લેખકો, કવીઓ, પ્રોડ્યુસરો, સંગીતકારો, ગાયક કલાકારો અને અભીનેતાઓ સમાજમાં અંધશ્રદ્ધાઓ ટકાવી રાખવાનાં કાર્યો કરી રહ્યાં છે, જેને કારણે જ લોકો આસારામ અને રામપાલ જેવા અનેક ઢોંગી ગુરુઓની નાગચુડમાં ફસાતા રહે છે.

## આચાર્ય પરાશરમ્ હવે શરમ કરશે ખરા ?

**દ**ર વરસે જ્યોતીશનાં ગપ્પાં મારતા આચાર્ય પરશરમે ગયે વરસે તા. ૧ અને ૨ ડીસેમ્બર-૧૦૧૩ને દીવસે સુરતના કાનજીભાઇ દેસાઇ હૉલમાં જે ચારેક આગાહીઓ ભારે ઉત્તેજનાત્મક રીતે કરી હતી તે ચારેચાર આગાહીઓ કરુણ રીતે ખોટી પડી છે. એમની પહેલી આગાહી એ હતી કે મોદીના ગ્રહોની તાકાત વડા પ્રધાન બનવા માટે ઓછી છે. બીજી આગાહી તેમણે એ કરી હતી કે ૧૫મી ઑગસ્ટથી ૧૪ સપ્ટેમ્બર દરમીયાન ભારત-પાકીસ્તાન યુદ્ધ કરશે અને જો ન થાય તો ત્રીજી આગાહી એ કરી હતી કે ૩ નવેમ્બર-૨૦૧૪ સુધીમાં ભારત-પાકીસ્તાન વચ્ચે યુદ્ધ થશે. ઉપરાંત ૧૫ એપ્રીલથી ૧૪ મે સુધીમાં યુદ્ધ થવાની આગાહી પણ તેમણે કરી હતી.

આચાર્ય પરશરમ્ એક જ વર્શમાં યુદ્ધ થવાની ત્રણ-ત્રણ આગાહીઓ કરે અને એ ત્રણેત્રણ જ્યારે ખોટી પડે ત્યારે તેમણે શરમાઇને હવે જ્યોતીશનો વીંટો વાળી દેવો જોઇએ કે નહીં ? કે પછી પ્રજાની ટુંકી યાદદાસ્તનો કાયમ ગેરલાભ જ ઉઠાવતા રહેવું છે ?

વાસ્તવીકતા તો કદાચ એવી જણાય છે કે યુદ્ધની તેમણે ત્રણ-ત્રણ આગાહીઓ કરવી પડે એ બાબત જ દર્શાવે છે કે તેમનું જ્યોતીશ ખોટું છે. એની તેમને પોતાને પણ ખબર છે છતાંય લાગે તો તીર નહીંતર થોથાંના ન્યાયે હંકારે જાય છે. ખોટાં પડે તો પણ એમને કોઇ શું કરી લેવાના છે ! એમને પડકારવા માટે કોઇ સામે આવવાનું નથી એની પણ એમને ખાતરી છે અને કોઇ જવાબ માગવા આવે તો એવા જ બીજાં જુઠાણાં ચલાવતાં એમને કોણ રોકી શકે એમ છે ?

નરેન્દ્ર મોદીના નબળા ગ્રહો એકદમ પાવરફુલ થઇ જશે, એવી જ્યોતીશાચાર્ય પરાશરમ્‌ને જરાય ગંધ ન આવી એટલું બધું એમનું જ્યોતીશનું જ્ઞાન કાચું હોય તો તેમણે

લોકોને ગુમરાહ કરવા જેવી આગાહીઓ કરવાનું બંધ કરવું જોઇએ કે નહીં ?

કૉંગ્રેસ-ભાજપને ૫૦-૫૦ ટકા મત મળશે એવી પાંચમી આગાહી પણ તેમની ખોટી પડી છે. જો ગ્રહોની દશા ગમે ત્યારે બદલાઇ જ જતી હોય તો પછી જ્યોતીશની આગાહીઓ સાચી પડી શકે જ નહીં. એ સંજોગોમાં હવે જ્યોતીશ ઉપર પ્રતીબંધ મુકવાની સરકાર સમક્ષ માગ સામેથી આચાર્ય પરાશરમે મુકવી જોઇએ કે નહીં ?

# પ્રતીભાવ

## ઉદાર બનવાની જરુર કોને ?

રેશનાલીસ્ટ કાંતીલાલ ભુતના ડીસે.ના અંકના લઘુલેખના ઉત્તરમાં મારો પ્રતીભાવ આમ છે. કાંતીલાલની રેશનાલીઝમ પરત્વે પ્રીતી વીશે શંકા નથી પણ તેમનો અભીગમ આ લેખમાં અયોગ્ય છે જ. સાચો, પાક્કો રેશના. ઇશ્વર-ધર્મ, ભુતપ્રેત-ધર્મગ્રંથો, ધર્મગુરુઓ, કથાકારોને તમામ ધર્માંધતાનો સો ટકા વીરોધી જ હોય તેમાં નવાઇ શી ? આને તમે નકરો 'ન' કારવાદ માનો તો તમારી ભુલ છે. રેશનાલીઝમ પોતાની વાત ઘરમાં, પડોશમાં, મીત્રોમાં પણ કહે તો સૌ નાસ્તીક છે. નર્કમાં જશે એમ કહી ઉતારી જ પાડે. ઘરમાં માત્ર (મારી જેમ) કોઇ ન માને. વળી મોરારીદાસ, રમેશ ઓઝા વગેરે વર્ષોથી ધર્માંધકથાઓ, પુરાણોના ગપગોળા હંકારી રાજા-મહારાજાની જેમ જીવતા કથાકારો શું તમારી-મારી વાત માને એમ લાગે છે ? આટલાં વર્ષોમાં તેમણે કદાચ રમણ પાઠક જેવા રેશનાલીસ્ટ સાથે વાત કરી હોય પણ તેમની વાતો માની હોત તો બીજા દીવસે જ કથા રુપી કૌભાંડો પડતાં મુક્યાં હોત. રેશનાલીઝમ પોતાની વાતમાં મક્કમ હોય તે ખોટા લોકો સાથે સમાધાન ન જ કરે. તો શું તેનો વાંક ? 'વીવેકપંથી'ના વાચકો જાણે છે કે ધર્મના નામે -ગુરુવાદને નામે કેવા વ્યભીચાર-કૌભાંડો થાય છે. શું મોરારીદાસ જેવા સુજ્ઞ કથાકાર ધર્માંધતા-ગુરુવાદ, પુજા-પ્રાર્થના, જડમુર્તી પુજા, હોમહવન દુર ન કરાવી શકે ? પોતાના પેટ પર પાટુ કયો મુર્ખ મારે ? બાળપણથી ધર્માંધ કુસંસ્કારો રોપતા વાલીઓ સુધરે તો જ આ વાત શક્ય બને. રેશનાલીઝમ બધી જ ધર્માંધતા અને અંધશ્રદ્ધા સામે ૧૦૦ ટકા પ્રતીકાર કરે જ છે. તેને નર્યો નકારવાદ કહી ભાંડવાનો કાન્તીભાઇને પણ હક્ક નથી જ. તેજ-તીમીર, કાળા-ધોળાં વચ્ચે સમાધાન શક્ય જ નથી. સુધરવાની-ઉદાર બનવાની જરુર વીલાસી કથાકાર-ગુરુઓને છે, રેશનાલીસ્ટોને નહીં જ નહીં.

## સહીશ્ણુતા એટલે કાયરતા !

લઘુલેખ 'હીન્દુઓ ઉદાર-સહીશ્ણુ શા માટે છે ?' બે પાસાં છે. એક મુસ્લીમ ધર્મ કરતાં હીન્દુ ધર્મ-ધાર્મીકો વધુ ઉદાર-ખુલ્લા મનના છે અને વીરોધીને પણ સમજવા તૈયાર છે. આ હકીકત છે પણ ધર્માંધ હીન્દુઓ મુર્ખ-કાયરને પુર્ણ ઇશ્વરવાદી છે. તેમણે ૧૬ વાર સોમનાથ મંદીર તોડનારનો સામનો એટલા માટે ન કર્યો કે તેમની અંધશ્રદ્ધા કે જડશીવલીંગ જાગશે અને દુશ્મનને ભગાડશે. -દયાનંદ સરસ્વતીની જેમ તેમણે કેમ વીચાર ન કર્યો કે જે જડપથ્થર ઉંદરો પણ ભગાડી ન શકે તે દુશ્મનો કેમ ભગાડી શકે ? પૃથ્વીરાજ ચૌહાણે ૧૬-૧૬ વાર જીતવા છતાં મુસ્લીમ આક્રમકને શા માટે જવા દીધો ? - આ બન્ને દૃઢ ઇશ્વરવાદને મહામુર્ખતાનાં નમૂના આજે પણ અફઘાન બાર્ડર પરથી પાકીસ્તાન આતંકવાદીઓ કાશ્મીર મોકલે ને હુમલા કરાવે ત્યારે મોદીસાહેબની હીન્દુત્વવાદી સરકારે શા માટે ત્યાં બૉમ્બવર્ષા કરાવી બરબાદી ન કરાવવી ? સાપને જીવતો છોડી દેવાય પણ દુશ્મનનોનો ખાત્મો જ કરાય તે શું શાણા નેતાઓ નથી જાણતા ? હીન્દુ મુર્ખતાની નકામી ઉદારતાના સેંકડો દાખલા છે. હવે આ લોહી બદલાવીને ખુન કા બદલા ખુનની નીતી અપનાવવી એજ આજના યુગની માગ છે. વાત વાતમાં લોહી વહાવતા-પશુઓ મારી માંસ ખાતા મુસ્લીમો માટે હત્યા સહજ છે. તેમાં ઘણા અપવાદો પણ છે. તે રીતે જ શાકાહારી કટ્ટર હીન્દુવાદી 'વીહીપ', 'બજરંગ દળ', 'દુર્ગાવાહીની' જેવી સંસ્થાઓ કટ્ટરતાની વાતો કરે છે પણ મુસ્લીમ આતંકવાદને નાથવા હાથમાં ત્રીશુલનો માત્ર તમાશો જ કરે છે ! આજે બૉમ્બવર્ષા જ માત્ર ઉપાય-ઉકેલ છે ને તેથી જ આતંકવાદનો સામનો થશે, ન અન્યથા. કટ્ટરવાદી મુસ્લીમો પણ 'ઇસ્લામ'નો 'શાંતી'નો અર્થ અને મહંમદ પયગંબરસાહેબનું ઉમદા જીવન-ઉપદેશ નથી સમજ્યા. તેથી જ પાકીસ્તાન જેવા મુસ્લીમ દેશોના ભાઇઓને પણ હણે છે. હીન્દુઓ તમામ ધર્માંધ માન્યતાઓ છોડી માત્ર વૈજ્ઞાનીક બુદ્ધીવાદી બની જ્યાં આતંક છે તેનો હીંસકપણે સામનો કરે. આજે ઉદારતા એટલે મુર્ખતા ને સહીશ્ણુતા એટલે કાયરતા જ છે, તે સૌ સમજે.

- પ્રો. જે. પી. મહેતા

# ધાર્મીક બાબાઓનો દબદબો વધી રહ્યો છે

દેશ અને દુનીયામાં ધાર્મીક બાબાઓનો દબદબો ખુબ છે અને દીવસે દીવસે વધી રહ્યો છે. ભારતમાં આ બાબાઓને રાજકીય સાથ મળે છે. જેનો તાજો પુરાવો હરીયાણાના સતલોક આશ્રમના બાબા રામપાલ છે. તેને પકડવા ૩૦ હજાર પોલીસ જવાનો બે-ત્રણ દીવસ મથ્યા જેની પાછળ લાખોનો ખર્ચ થયો. આ ખર્ચ પ્રજાના પૈસે થયો. ૧૨-૧૩ એકરમાં પથરાયેલ સતલોક આશ્રમમાં આધુનીક તમામ સગવડો, શસ્ત્રો, કમાન્ડો વગેરે છે. સવાલ એ ઉઠે છે કે આમ છતાંય આવા બાબાના લાખો ચાહકો કેમ છે ? આ અનુયાયીઓને પાછા કેમ વાળવા ?

ભારતના લગભગ બધા બાબા-બાપુ, ગુરુઓ પાસે આધુનીક ભૌતીક સાધનોનો અંબાર ખડકાયેલો છે. આ બાબા-બાપુઓ સાદાઇનો ઉપદેશ આપે છે, પણ તેઓ જરાય સાદાઇ રાખતા નથી, જે નજરે જોઇ શકાય છે. આસારામ અને તેના પુત્ર નારાયણ સાંઇનો ભાંડો ફુટી ગયો છતાંય ચાહકોની આંખ ઉઘડતી નથી. આવું શા માટે થાય છે ?

આ અંગે દેશના રેશનાલીસ્ટોએ ખુબ જ ઉંડાણપુર્વક વીચાર કરવાની જરુર છે. વીરોધ, પર્દાફાશ, વીચારો, ચીંતન ખુબ થાય છે, પણ હવે નવો વ્યુહ, નવી રીતો-ઉપાયો શોધવાની જરુર જણાય છે. પહેલી વાત તો એ કે રેશનાલીસ્ટોએ અંદરોઅંદરની હુંસાતુંસી છોડવી જોઇએ. કોઇ અસરકારક એજન્ડા ઉપર એક થઇ કાર્ય કરવું જોઇએ. નર્યો વીરોધ, નકાર, નફરત અને અમે જ (રેશનાલીસ્ટો) સાચા, બીજા ખોટા. આ બાબત ઉપર યોગ્ય જોર આપવું, વીચારવું. અંધશ્રદ્ધા, ભક્તી, વ્યક્તીપુજા, ઇશ્વર-ધર્મની માન્યતામાં લુંટાતા લોકોને બચાવવા. પ્રેમ-કરુણા, વીવેકને કામે લગાડવા જોઇએ.

રેશનાલીસ્ટોએ અનેક મોરચે લડવાનું છે. એકલા ઇશ્વર-ધર્મનો નકાર એજ લક્ષ્ય ન હોવું જોઇએ. દેશની લોકશાહી, રાજ્ય વ્યવસ્થા, નેતાઓ, ગુંડાગીરી, શોશણ, અસમાનતા, અન્યાય જેવાં અનેક કારણો સામે લડવાનું છે. રેશનાલીસ્ટો સાવ સામાન્ય, અભણ, બાબા-બાપુ, ગુરુને પણ સમજાવી નથી શકતા તો આખા સમાજને કેમ સમજાવી શકાશે ?

હાલના રેશનાલીસ્ટોએ કપીલ, કણાદ, ગૌતમ વગેરે મુનીઓ જેવી શોધ-સંશોધન કરી હોય તેવું જાણવામાં નથી. આજ વીજ્ઞાન ખુબ જ વીકાસ પામ્યું છતાંય આ ઇશ્વર-ધર્મની જડ માન્યતા ટસની મસ થતી નથી. આથી નવેસરથી વીચારી નવા ઉપાયો, રીતો, આઇડીયા અપનાવવાની જરુરી છે. નહીંતર આગે સે ચલી આતી હૈ જેવું થશે. થોડા સરળ, નીખાલસ, મધ્યમ માર્ગી, પ્રેમી, કરુણામય બનીએ તો રેશનાલીઝમની સાચી સેવા કરી એમ લેખાશે.

- કાન્તીલાલ છ. ભુત

## વીચીત્ર વૃત્તાંત

**સંપાદક : એડવોકેટ જયદેવ ત્રીવેદી**

- ધ્રુવીય પ્રદેશનાં પેન્ગ્વીન પક્ષી રુ. અઢી કરોડના ખર્ચે મુંબઇ નગરપાલીકા રાણીબાગમાં રાખવા માટે લવાઇ રહ્યાં છે.
- સાઉદી અરેબીયામાં ૯૦ વર્શના બુઢ્ઢા સાથે નીકાહ કરવા ૧૭ વર્શીય છોકરીએ ઇન્કાર કર્યો અને કોર્ટમાં ધા નાખતાં કોર્ટે તેના પક્ષમાં ચુકાદો આપ્યો.
- ઉત્તર પ્રદેશના મુઝફ્ફરનગર ખાતેની ખાપ પંચાયતનું તાલીબાની ફરમાન છે કે છોકરીઓને વૅટ્સએપ, ફેસબુક અને મોબાઇલનો ઉપયોગ કરવા અને જીન્સ પહેરવા પર પ્રતીબંધ છે.
- ઉત્તર આયર્લેન્ડમાં બેકરીવાળાએ સજાતીય (ગૅ) મેરેજ માટે કેક બનાવવાની ના પાડી જેથી નારાજ થઇને ગૅ દંપતીએ બેકરીવાળા પર વળતરનો દાવો કર્યો છે.
- મલેશીયામાં અપીલ કોર્ટે ક્રોસ ડ્રેસીંગને માન્ય કર્યું છે અને ક્રોસ ડ્રેસીંગ મનોવૃત્તીવાળા કીશોરોને ધર્મ બહાર મુકી ન શકાય એવું ચુકાદામાં જણાવ્યું.
- ઇરાનમાં કુતરાં રાખવા પર પ્રતીબંધ છે. કુતરાના માલીકને ૭૪ ચાબખા મારવામાં આવે છે.
- અમદાવાદમાં પ્રથમવાર ડોન્કી અસીસ્ટેડ થેરેપી પ્રોજેક્ટનો અમલ થયો છે. ગધેડાં સાથે પ્રેમ-હુંફભર્યા વર્તનથી મંદબુદ્ધીના દર્દીઓ સારા થઇ શકે. વૃદ્ધાશ્રમમાં એકલતા ભોગવતા વૃદ્ધો પર થેરેપીની અજમાયશ કરવામાં આવી રહી છે.
- હરીયાણામાં લગ્નની સપ્તપદી વખતે સાત ફેરાને બદલે દીકરી અને વૃક્ષોને બચાવવા બે વધારાના ફેરા લેવાય છે.
- જાદુઇ શક્તી-ગુપ્ત ધન મેળવવા વર્ધામાં નવ વર્શના બાળકનો નરબલી ચડાવાયો. રીક્ષા ડ્રાઇવર આરોપીએ હત્યા બાદ શરીરના ટુકડા કર્યા બાદ રાંધીને ખાવાનો પ્રયાસ કર્યો.
- કેન્યામાં નશીલા પદાર્થોની હેરફેર માટે અભીનેત્રી મમતા કુલકર્ણીની અને તેના પતી વીકી ગોસ્વામીની ધરપકડ થઇ છે.

- બેંગલોરમાં પોતાના પતીની ખાનગી સ્પાય કૅમેરામાં સજાતીય હરકતોની ફીલ્મ ઉતારી એક નવોઢાએ પોલીસમાં કલમ ૩૭૭ હેઠળ પકડાવી દીધો.
- ત્રણ મોટા કાચબાની મદદથી ગુપ્ત ધન શોધવાનો પ્રયાસ કરનારા પાંચ જણની ટોળકીની વર્ધામાં ધરપકડ થઇ.
- ઇરાનમાં પુરુશોની વૉલીબૉલ રમત જોવાનો પ્રયત્ન કરનારી લંડનની ગ્રેજ્યુએટ યુવતીને તહેરાન પોલીસે જેલભેગી કરી છે.
- પાક. લાહોરમાં ખ્રીસ્તી દંપતીને ધર્મનીંદાના આરોપસર જીવતું સળગાવી દેવાયું. મૃતકને ભઠ્ઠીની નોકરીમાંથી છુટા થવું હતું, પણ માલીકે છુટા કરવાના પાંચ લાખ માગેલા. પૈસા ન ચુકવાતાં દંપતીને રુમમાં પુરી દીધું. ગામમાં કુરાનનું અપમાન કર્યાની વાતો ફેલાવી.
- અમદાવાદ-ઓઢવ ખાતે ૨૫ વર્શ પહેલાં મૃત્યુ પામેલા કુંવારા દીકરાને તેના આત્માની શાંતી માટે માબાપે ધામધુમથી પરણાવ્યો. આને 'લીલ પરણાવી' કહેવાય છે.
- નારાયણ રાણે પરાસ્ત ન થાય ત્યાં સુધી ઉઘાડા પગે ફરવાની પ્રતીજ્ઞા લેનારા શીવસેનાના અરવીંદ ભોંસલેને ઉધ્ધવ ઠાકરેએ સોનાનાં પગરખાં ભેટ આપ્યાં.
- ઓરબીન્દો અલ્ડામ, પોંડીચેરીમાંથી ત્રણ ફેમીલીને કાઢી મુકતાં ત્રણ પરીવારજને આત્મહત્યા કરી.
- ઉલ્હાસનગરમાં ૧૪ વર્શની કન્યા પર લગ્ન અંગે દબાણ કરતાં તેણે લગ્નહોલમાં જ ઝેર પીને આત્મહત્યાનો પ્રયાસ કર્યો.
- ધારાવીના નર્સીંગ હોમમાં નવજાત શીશુની લે-વેચનું રેકેટ પકડાયું.
- મંત્રેલા પાણીથી ડાયાબીટીસ, પક્ષઘાત જેવી ગંભીર બીમારી પાણીથી સારવારનો દાવો કરનાર બાબા રાધેકૃશ્ણની વાશીમાંથી ધરપકડ થઇ છે.
- પત્નીની લાંબી બીમારીને લીધે હતાશ પતીએ સાયન હૉસ્પીટલના બીજા માળેથી કુદકો મારી આત્મહત્યા કરી.
- શાળા, કૉલેજ, હૉસ્ટેલમાં રેગીંગ કરનારને બે વર્શની જેલ અને પાંચ વર્શની બંદીની સજા થશે.
- માહીમના એક ઘરમાં પંખા સાથે વીંટળાયેલો અજગર જોવા મળ્યો. મધરાતે અચાનક પંખો બંધ થઇ ગયા બાદ લાઇટ કરીને જોયું તો એક વીશાળ અજગરે પંખાને ભરડો લીધો હોવાથી પંખો ફરતો બંધ થયો હતો.
- ઑસ્ટ્રેલીયાના મેલબોર્નમાં આઠ બાળકોની હત્યાના કેસમાં માતાની ધરપકડ કરાઇ.
- થાણે સેસન્સ કોર્ટના જજની ચેમ્બરમાં કોઇ વાંદરો જજનો મોબાઇલ ફોન કબજે કરી બેઠો. સ્ટાફના એક કર્મચારીએ અગાઉ ટોપીવાલા ફેરીયાની જેમ પોતાની ટોપી ઉતારી ટેબલ પર મુકી. વાંદરાએ તેનું અનુકરણ કરી મોબાઇલ પણ ટેબલ પર મુક્યો.
- શંકાસ્પદ ઇસમો કે ઘુસણખોરો તો પકડાઇ જાય છે, પરંતુ કચ્છ-પાકીસ્તાનની સરહદે આશ્ચર્યજનક ઘટનામાં પાકીસ્તાનનું ચાર વર્શનું બાળક મળ્યું. ભુલથી સરહદ ઓળંગી આવતાં બીએસએફના જવાનોએ બે દીવસ સુધી બાળકની સારસંભાળ લીધા બાદ પાક રેન્જર્સને જાણ કરી પરત સોંપ્યું.
- મુંબઇમાં છેલ્લાં ત્રણ વર્શમાં ત્રીજો રીપેર માટે રુ. ૨૬ કરોડ ખર્ચ્યા પણ રીપેરકામ પાછું કરવું પડે એવી પરીસ્થીતી છે. નકલી સીમેન્ટ વાપર્યો હોવાથી પાછા ખાડા થઇ ગયા છે.
- લાર્સન ઍન્ડ ટોબ્રોની તરફેણમાં આવકવેરા ખાતાની ત્રણ અપીલો આવતાં બૉમ્બે હાઇકોર્ટે ખોટી રીતે સાવ રદ્દ-ભંગાર જેવા ખોટા મુદ્દા પર અપીલ ફાઇલ કરીને કંપનીને હેરાન કરવા માટે, કોર્ટનો અમુલ્ય સમય બગાડવા માટે આવકવેરા ખાતાનો રુ. ૩ લાખ દંડ કર્યો છે.
- મહારાશ્ટ્રમાં ૩૪૮ ડેમ (બંધ) ચેક કરાવવા ડેમ ઇન્સ્પેક્શન એજન્સીને રુ. ૭૦ હજાર કરોડ આપ્યા છતાં છેલ્લાં દસ વર્શમાં એક પણ ડેમ થયો નથી.
- દીલ્હી હાઇકોર્ટે ટ્રાન્સજેન્ડરો માટે અલગ જેલ અને લોક-અપની જરુરત જણાવી છે. પુર્વે તેઓને સ્ત્રી કેદીઓ સાથે રાખવામાં આવતા.
- હરીયાણામાં વીધાનસભામાં ચુંટાયેલા દરેક સભ્ય કરોડપતી છે.
- સુરતમાં કાળી ચૌદશે રાત્રે અંધશ્રદ્ધાની સ્મશાનયાત્રા કરાઇ. મહીલાઓએ પણ સ્મશાનમાં જાગરણ કર્યું. ચકલા પર બેસીને ખાધું. કતારગામની સવાસો સોસાયટીઓએ ભુખ્યાઓને વડાં આપ્યાં.
- ઇઝરાયેલમાં દફન માટે જગ્યા ન હોવાથી કબ્રસ્તાન ટાવરવાળું બનાવવામાં આવ્યું છે. ૧૫૦ એકરમાં ૧,૧૦,૦૦૦ કબરોની જગ્યા છે.
- વીશ્વના મહાન હાસ્ય કલાકાર રોબીન વીલીયમ્સે તાજેતરમાં આપઘાત કર્યો. રોબીનની પુત્રી ઝેલ્ડાએ જગતને અપીલ કરતાં કહ્યું કે માનસીક દર્દથી પીડાતા દર્દીઓની ખુબ નજીક રહેજો. એમને એકલા પાડી ન દેશો.
- મરાઠાવાડામાં સેંકડો બોગસ ફ્રીડમ ફાઇટરો. એકલા બીડ જીલ્લામાં જ ૨૯૮ કેસ પકડાયા. બોગસ ફ્રીડમ ફાઇટરોનું મોટું કૌભાંડ બહાર આવ્યું.

## લવાજમ ભરવા માટે

## બૅન્કના ખાતાનું નામ : Veena G. Bheda

Corporation Bank, Kalbadevi Branch, Mumbai - 400 002

IFSC Code : CORP0000058

Saving A/C No. 005800101000768

***ખાતામાં લવાજમ ભર્યા પછી પોસ્ટકાર્ડથી, ફોનથી કે ઇમેલ દ્વારા જાણ કરવા વીનંતી છે. નીચેના સરનામે મનીઓર્ડર અથવા ચેકથી પણ લવાજમ મોકલી શકાશે.***

સરનામું : એ-૧/૧૪, સત્યદર્શન, ૩જે માળે, માલપા ડોંગરી નં. ૩, અંધેરી (પુર્વ), મુંબઇ-૪૦૦૦૯૩.
મો. **૯૮૨૦૧ ૬૮૪૪૨**. Email : harsha_badkar@yahoo.com

### સ્વૈચ્છીક યોગદાન

રૂ. ૫૦૦૦/- મયુરભાઇ શ્રીધરાણી, રૂ. ૨૪૦૦/- પ્રવીણભાઇ વે. શાહ, દામજીભાઇ સાવલા, રૂ. ૨૦૦૦/- પ્રવીણભાઇ નટવરલાલ, રૂ. ૧૨૦૦/- મધુરીબહેન મહેતા, દેવીયાનીબહેન લોઢવીયા

**જાન્યુઆરી ૨૦૧૫થી શરુ થતી નવી યોજના પ્રમાણે**
**પંચવાર્ષીક લવાજમ રુ. ૧૦૦૦/-**

પ્રવીણસીંહ ગઢવી

**જાન્યુઆરી ૨૦૧૫થી શરુ થતી નવી યોજના પ્રમાણે**
**વાર્ષીક લવાજમ રુ. ૨૦૦/-**

રાજેશ દેસાઇ, મુકેશ દેસાઇ, જયકાન્ત ગડાની, રંજન ગાલા, ધરમશી શાહ, બાબુભાઇ પટેલ,

**બૅન્કમાં લવાજમ મોકલનારે તેમનું પુરું નામ ઉપર જણાવેલ મોબાઇલ નંબર ઉપર મેસેજ દ્વારા અથવા ઉપરોક્ત સરનામે પોસ્ટકાર્ડ દ્વારા જણાવવા વીનંતી**

ગુલાબ ભેડાએ શરુ કરેલી વાર્ષીક યોજનાનો પ્રતીસાદ દીવસે દીવસે મોળો પડતો જાય છે અને માટે વાર્ષીક લવાજમના નવા દર નક્કી કરવા જરુરી થઇ પડે તેમ લાગે છે. બહુ વીચારને અંતે જાન્યુઆરી ૨૦૧૫થી લવાજમના નવા દર નીચે પ્રમાણે રહેશે. આશા છે કે આપ સૌનો સાથસહકાર અવીરતપણે મળતો જ રહેશે.

| | | |
|---|---|---|
| **વાર્ષીક લવાજમ** | : | **રૂ. ૨૦૦/-** |
| **પાંચ વર્ષનું લવાજમ** | : | **રૂ. ૧૦૦૦/-** |
| **છુટક નકલ** | : | **રૂ. ૨૦/-** |

**ચમત્કારો**

## અંધવીશ્વાસની પરાકાશ્ઠા !!

### ન્યુમોનીયાથી પીડાતી બે મહીનાની બાળકીને તાંત્રીકે ગરમ સળીયા વડે ૫૦ વાર ડામ આપ્યા

શીવપુરી-મ.પ્ર. : આ માત્ર અંધવીશ્વાસ નહીં, પરંતુ હેવાનીયતની પણ પરાકાશ્ઠા છે. સેસઇપુરા ગામમાં ન્યુમોનીયાથી પીડાતી બે મહીનાની શીવાનીને દાદીએ જીદ કરતાં તેની માતા તાંત્રીક પાસે લઇ ગઇ. તાંત્રીકે બાળકીના પેટ પર લોખંડના ગરમ સળીયા વડે ડામ આપ્યા. અને તે પણ ૫૦ વાર. બાળકી પીડાથી કણસતી રહી જ્યારે હાલત બગડવા લાગી તો બાળકીની માતા શીવાનીને લઇને હૉસ્પીટલ તરફ દોડી અને ત્યાં દાખલ કરી. તેની હાલત જોઇને બાળકીને ઑક્સીજન પર લેવી પડી. પીડાથી કણસતી પુત્રીને ખોળામાં લઇ બેઠેલી તેની માતા સોમવતીએ કહ્યું કે હું શું કરું ? સાસુની જીદ હતી કે તાંત્રીક પાસે લઇ જાઓ. મારાથી તેની પીડા જોવાતી નહોતી. પરંતુ હું મજબુર હતી.

પત્ની : આજે આટલા જલદી ઘરે કેમ આવી ગયા ? ઑફીસમાં કામ નહોતું ?

પતી : શું કરું ! મારા બૉસે કહ્યું કે, જહન્નમમાં જા.

❖ ❖ ❖

રમેશ : આજકાલ તારો માથાનો દુઃખાવો કેમ છે ?

હરેશ : એ તો એને પીયર રહેવા ગઇ છે !

❖ ❖ ❖

સતા : મારી પત્ની ગઇકાલે ગુજરી ગઇ છે. પણ શું કરું ? ખુબ કોશીશ કરવા છતાં મને રડવું આવતું જ નથી.

બંતા : તું એમ વીચાર કર કે તે પાછી જીવતી થઇ ગઇ છે.

સંતા બીચારો રડી રડીને અધમુઓ થઇ ગયો.

❖ ❖ ❖

પતી : ક્યારનો પડખા ફેરવું છું. ઉંઘ જ નથી આવતી.

પત્ની : રસોડામાં જઇને થોડાં વાસણ માંઝી નાખો.

પતી : અરે પાગલ ! ઉંઘમાં બોલું છું!

❖ ❖ ❖

પતી : હીપ્નોટીઝમ એટલે શું ?

પત્ની : કોઇને પોતાના વશમાં કરીને પોતાની મરજી મુજબનું કામ કરાવવું.

પતી : પણ એને તો લગ્ન કહેવાય !

❖ ❖ ❖

ચંગુ : તમારી નોકરી કેમ છુટી ગઇ ?

ચમન : મેળ નહીં બેઠો.

ચંગુ : કોનો ? તારો કે શેઠનો ?

ચમન : ના, રોકડાનો અને ચોપડાનો.

❖ ❖ ❖

હડતાળીયાઓએ મોટરને ઘેરો ઘાલીને એને કારખાનામાં ન જવા દીધી. મોટર પાછી ફરી ત્યારે એક કર્મચારીએ પુછ્યું : મોટરમાં શું લઇને જતા હતા ?

ડ્રાઇવરે કહ્યું : તમારો પગાર.

❖ ❖ ❖

શેઠ : મેં તમને બે મહીનાથી આ કામ સોંપ્યું છે. તમે એ ભુલી ગયા. હું તમને બે મહીના સુધી પગાર આપવાનું ભુલી જાઉં તો ?

ચંગુ : તો હું બેસી ન રહું. તમને તરત જ યાદ દેવડાવું.

Printed, published & owned by : Mrs. Veena Gulabrai Bheda and Printed at Parwati Art Printers, 352/54, Murlidhar Compd, S. No. 2, J S. Rd., Mumbai-400 002. and Published at 2/0/1, Asmita MOgra CHS, Datta Jagdamba Road, Near Shree Punjab, Andheri (East), Mumbai - 400 093.
Editor : Mrs. Harsha Badkar T C No. MAHGUJO2084

To